# માતૃભાષા

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 38-April 2007 MATRUBHASHA Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૩૮ - એપ્રિલ ૨૦૦૭ માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી કિંમત: જેવો જેનો ભાષાપ્રેમ


## કેટલું જાણવું જરૂરી છે ?



ઓસ્ટ્રેલિયામાં વહેલી સવારે ઊઠી આજના હવામાનના સમાચાર સાંભળવા માટે રેડિયો ઓન કરો એટલે પહેલાં તો તમને ગઈ ચોવીસ કલાકમાં કેટલા માણસો અકસ્માતમાં મરી ગયા તે સાંભળવા મળે. આજની તારીખ સુધીમાં આ વર્ષે ગયા વર્ષ કરતાં કેટલા વધારે કે ઓછા મર્યા એ પણ અચૂક જણાવવામાં આવે. ક્યાં આગ લાગી, કોના પર કોણે બળાત્કાર કર્યો, કોનું ક્યાં ખૂન થયું, કોણે કોની સાથે છેતરામણી કરી, પાર્લામેન્ટમાં ક્યા મિનિસ્ટર સામે ઊહાપોહ મચાવાયો, ક્યા નામાંકિત માણસની જિંદગીની કાળી બાજુ પ્રકાશમાં લાવવામાં આવી, વગેરે વગેરે ધગધગતા સમાચારો તમારા કાનમાં રેડીને જાણે કે તમારા આત્માને બાળી નાખવાનો એક સિસ્ટમેટિક પ્રયાસ થઈ રહ્યો હોય છે. એમાં કોઈ કબુતરે પૂરમાં તણાતી કીડીને બચાવવા તેની પાસે પોંદડું મૂક્યું કે એક નાના બાળકે લાકડીને ટેકે ચાલતા એક વૃદ્ધ માજીને રસ્તો ઓળંગવામાં મદદ કરી, એવા સમચારો માટે કોઈ સ્થાન નથી હોતું.

ન્યૂઝ પેપર, રેડિયો કે ટીવી બધાના પત્રકારોની આજીવિકાનો આધાર દુર્ઘટના, દુરાચાર, દુર્વ્યવહાર, દુર્દશા, દુર્ભાગ્યના સમાચારો ભેગા કરવા પર જ હોય છે. પ્રસારણ માધ્યમો પણ પત્રકારોને એવા સમાચાર મેળવવા ઉત્તેજીત કરતા હોય છે. અને લોકો પણ જાણે કે રોજીંદા જીવનની, ક્યારેક કંટાળાજનક, રફતારમાં નવીનતા શોધતા હોય તેમ આવી બાબતોમાં ખાસ રસ લેતા હોય છે. ક્યાંક બોમ્બ ધડાકો થયો કે ન્યૂઝ પેપરનું વેચાણ વધ્યું. વવાઝોડાથી કે પૂરથી થયેલી હોનારતના ફોટાઓ કે વિડિયો જે ટીવી ચેનલ પર પહેલાં આવે તેનું રેટીંગ વધી જાય. કેટલાકના રેડિયો પર વિવાદાસ્પદ ચર્ચાઓ કરતા સ્ટેશન સિવાય બીજું કોઈ સ્ટશન જાણે કે હોય જ નહીં.

'ગ્લોબલ વોર્મીંગ'થી પર્યવરણને કેટલી હાની થાય છે તે હવે સૌ જાણે છે. ઘણા તો એવું માનતા થયા છે કે ડાયનાસોરની જેમ માણસજાતનો પણ હવે અંત નજીક છે અને માણસજાત પોતેજ પોતાના વિધ્વંસ માટે જવાબદાર રહેશે. અને તેનો ઉકેલ શોધવા માટે તેની ચર્ચા બધે જ બધા કરે છે. એના નામના સપ્તાહો મનાવાય છે, વાર્ષિક સમ્મેલનો થાય છે, ચર્ચાવર્તુળો રચાય છે, લાંબા ચોડા ભાષણો થાય છે, સંશોધનો થાય છે, ઠરાવો પસાર થાય છે, અને એ સર્વ પાછળ કરોડોનો ધૂમાડો કરવામાં આવે છે. પણ ફરી પાછું રાબેતા મુજબ જીવન શરૂ થઈ જાય છે. કારખાનાઓના ભુંગળાઓ કાર્બન ડાયોક્સાઈડ ઓકવાનું ચાલુ રાખે છે, પ્લાસ્ટિકની થેલીઓ હવામાં ઊડ્યા કરે છે, એક આખા ઝાડમાંથી બનેલા - ન વંચાતા અને ન જોઈતી વસ્તુઓના - જાહેરાતના કાગળિયા ઘરની ટપાલપેટીમાં દર અઠવાડિયે ઠાંસી ઠાંસીને ભરી દેવાનું ચાલુ રહે છે અને ઝાડ કાપવાના વિરોધમાં આંદોલન કરનારા મોવડીઓ સવારમાં ૧૨૮ પાનાનું 'એઈજ' ખરીદવાનું ચૂકતા નથી.

ટીવીના પ્રાઈમ ટાઈમના સમાચારોમાં જ્યારે અકસ્માત. ખૂન, આગ, બળાત્કાર, અત્યાચાર, આતંકવાદ, વગેરેના ભોગ બનેલાના ચગદાયેલા, ચોળાયેલા, ચુંથાયેલા, વિકૃત બનેલા માનવદેહોના ફોટાઓ આવવા લાગ્યા ત્યારે તે જોઈને કુમળી વયના બાળકો અને નબળા મનવાળા મોટી ઉમરના લોકોના માનસ પર જે વિપરિત અસર પડે તેથી ચિંતિત થયેલા માબાપો, સંબંધીઓ અને સામાજીક કાર્યકરોએ વિરોધ કરેલો અને ઉહાપોહ મચાવેલો કે પ્રાઈમ ટાઈમમાં આવા ચોંકાવનારા ચિત્રો ન બતાવવા જોઈએ. તે સમયે પહેલાં તો "જનતાને જણાવવાની, તેમને સત્ય ઘટનાથી વાકેફ કરવાની અમારી ફરજ છે" એમ ટીવી ચેનલવાળાઓએ પોતાનો બચાવ કરેલો. કોઈએ તો એમ પણ કહ્યું, "તમને જોવું ન ગમે તો ટીવી બંધ કરી દો, પણ બીજાને તો જોવા દો." પણ ટીવીના સ્ક્રીન પર ફોટો આવે ત્યારે જોવાઈ તો ગયો હોય અને જે નુકસાન થવાનું હોય તે પણ થઈ ગયું હોય. અંતે ઈશ્વરે તેમને સદ્‌બુદ્ધિ આપી અને પ્રાઈમ ટાઈમમાં એવું ન બતાવવાનું નક્કી કરવામાં આવ્યું.

પણ ગ્લોબલ વોર્મીંગથી પણ ઘણું જ મોટું અને અતિ ભયાનક એવું દુષણ માણસજાતને ધીરે ધીરે ભરખી રહ્યું છે એની કોઈ નોંધ લેતું નથી. ઉંદર જેમ ફૂંકી ફૂંકીને ખાય, વેમ્પાયર જેમ ચાટતું જાય ને ખાતું જાય, દરરોજ ખોરાકમાં ઝેરનું એક નાનું ટીપું ભેળવીને કોઈના જીવનનો અંત લાવવામાં આવે, એવું જ કંઈક સમાજના માનસને કલુષિત કરી રહ્યું છે અને તે સામે કોઈની નજર નથી જાતી એવું લાગે છે.. અને એ માટે જવાબદાર છે પ્રીન્ટ મિડિયા એટલે કે રોજીંદા, દૈનિક છાપાઓ.

વહેલી સવારે દૈનિક સમાચારપત્રો ઘરમાં આવી જાય છે. નાના બાળકો સહિત પરિવારની દરેક વ્યક્તિ તેના પર નજર ફેરવે છે. અને તેમાં કરૂણ સમાચારોના ફોટા અચૂક પ્રથમ પાના પર જ હોય. છાપાં અંગ્રેજી હોય કે ગુજરાતી, ફોટાને ભાષા નથી હોતી. ફોટા એટલે ફોટા. ક્યાંક આગ લાગી હોય, ક્યાંક ખટારા નીચે સ્કૂટર છૂંદાઈ ગયું હોય, ક્યાંક ટોળા પર લાઠીચાર્જ થતો હોય, કોઈ સ્ત્રી પર બળાત્કાર થયો હોય, કોઈ સ્ત્રીને જલાવી દેવામાં આવી હોય, કોઈનું ખૂન થયું હોય તેનો મૃતદેહ, એ બધા જ ફોટા પ્રથમ પાના પર હોય. અને હવે એ ફોટાઓ રંગીન, કલરવાળા છપાય છે. એવું બધું જ પ્રથમ પાના પર હોય. કોઈ સંતની કથાના ફોટા કે ક્યાંક કોઈને પારિતોષિક અપાતું હોય એવા પ્રસંગના ફોટા અંદરના પાના પર હોય, ગોતવા પડે.

આ બધા ફોટા જોઈને ચીતરી ચડે છે, મન આક્રોશ કરે છે, માણસ ગુસ્સે થઈ જાય છે, શુધબુધ ખોઈ બેસે છે, સાચાખોટાનું ભાન ભૂલી જાય છે અને ન્યાયનો દંડ પોતાના હાથમાં લઈ ન કરવાનું કરી બેસે છે. તેમાં સમાચારપત્રોની ભાષા આગમાં ઘી હોમવાનો ભાગ ભજવે છે. આવી જ એક દુર્ઘટનાના ફોટાઓ જોઈને અને ઉત્તેજિત લખાણો વાંચીને સમાજમાં એટલો બધો ઉશ્કેરાટ આવ્યો કે લોકોએ એકઠા મળીને રમખાણ મચાવ્યા, બસો, કારો અને દુકાનો બાળી નાંખ્યા, બઝારમાં લૂંટફાટ ચલાવી, બેચાર મરી ગયા અને કેટલાય ઘવાયા પણ ખરા. પણ એ બધું કરવા છતાં ગન્હો કરનારા તો ન જ પકડાયા તો સજા કોણે ભોગવી ? નિર્દોષ લોકોએ જ ને !

ત્યારે સમાચારપત્રોને પૂછવાનું મન થાય કે તમારી ફરજ શું છે ? તમારો ધર્મ શું છે ? જનતાને જાણ કરવાની તમારી ફરજ આવા રંગીન ફોટાઓ કે ઉત્તેજિત લખાણો વગર ન બજાવી શકાય ? કેટલું જાણવું જરૂરી છે ?

---

રાજકોટમાં હાલ ગરમી સખત છે. દરરોજ ૪૦ની ઉપર તાપમાન રહે છે. પણ આ વતન છે. ઉત્તરાર્ધની અર્ધી જિંદગી અહીં પસાર કરી છે. સંસ્કાર, સંસ્કૃતિ ને શિક્ષણ અહીં મેળવ્યા છે. ત્યારે પણ આટલી જ ગરમી હતી.. એક મિત્રે પૂછેલું, દેશની સખત ગરમી અને ગંદકીમાં તમારે ઉનાળો ગાળવો છે ?' મેં કહેલું, 'ગુજરાત મારી માભોમ છે. માના રૂપ ન જોવાય. એના ગુણ અને પ્રેમથી જીવન સુવાસિત બને છે અને હૈયે ટાઢક વળે છે.'

### વાચકમિત્રો

'માતૃભાષા'નો અંક નં ૪૦, ઓગસ્ટ ૨૦૦૭ સુધીના અંકો રાજકોટથી પ્રસિદ્ધ કરવામાં આવશે. સપ્ટેમ્બર ૨૦૦૭ના અંત સુધી 'માતૃભાષા' વિષે પત્રવ્યવહાર કરવાનું તેમજ તેમાં પ્રગટ કરવા યોગ્ય સાહિત્ય મોકલવાનું સરનામું નીચે પ્રમાણે છેઃ


MATRUBHASHA
C/- Pravin Vaghani
B71 Yogi-Amrut apartments
Sojitranagar rd.
RAJKOT 360005 INDIA

Publication :MATRUBHASHA.(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com
છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહીં.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**Subscriptions:**

Australia: Yearly, $15.00, 5 years 65.00
Pay to : Pravin Vaghani
Post: 4 Fiona crt. Glen Waverley Vic 3150
Or, Direct credit at bank or on internet:
BSB 063 587 A/c no. 1018-0401
UK: Yearly, £10.00, 5 years 40.00,
Pay to: Parivaar Communications, 'KUTIR'
C/- Vipul Kalyani – Editor 'OPINION'
4 Rosecroft Walk, Off Crawford ave.
WEMBLEY Middlesex HA0 2JZ UK
USA: Yearly US$12.00, 5 years $50.00
Pay to: Pravin C. Patel
80 Corona crt. Old Bridge NJ 08857
**Adopt a Library in Gujarat.**
Subscribe to 'MATRUBHASHA' and have it delivered to a library in Gujarat as your donation.

## ગું જ ન

### ⌘ એક દીકરીની વેદના ⌘

**સાંઈરામ દવે, ગોંડલ, ગુજરાત**
**'સાંઈરામના હસ્તાક્ષર'માંથી**

એક દીકરીએ કાગળ લખ્યો, માતાના સરનામે,
સરનામામાં પોસ્ટ કરુણા, મુકામ મમતા ગામે.
એક લાખ સપનાંઓ માડી મેં તો ઉદરમાં જોયાં,
પણ મારી હત્યા પાછળ ના કોઈ દિલથી રોયાં,
હું વલવલતી કે દિકરો ના બની શકી એ ડામે,
સરનામામાં પોસ્ટ કરુણા, મુકામ મમતા ગામે.
તું'ય કોકની દીકરી યાદ છે તું'ય કોકની થાપણ !
વાંક શું મારો કાં આપ્યું જનમની પહેલાં ખાપણ,
તું દિકરા માટે ઝંખે પણ કલંક મારા નામે,
સરનામામાં પોસ્ટ કરુણા, મુકામ મમતા ગામે.
ભ્રુણની હત્યા નથી માત્ર આ છે મમતાનું મોત,
તારા એક આ ક્રૂર વિચારે બુઝી કરુણા જ્યોત,
ઓળખી જાજે આવીશ જલદી ડોક્ટર થઈને, સામે,
સરનામામાં પોસ્ટ કરુણા, મુકામ મમતા ગામે.
આવજે મમ્મી ક્યાંક હજી છે મારી ઈંતેજારી,
હવે ભઈલો જન્મે ત્યારે દેજે ચુમ્મી મારી,
હવે તો દિકરો તને વૃદ્ધાશ્રમ મોકલે તો જામે,
સરનામામાં પોસ્ટ કરુણા, મુકામ મમતા ગામે.
દીકરીને કોઈ જનમ ન દેશે દિકરા કેમ પરણશે ?
બંધ કરો આ પાપ માફ તો ઈશ્વર પણ ના કરશે,
'સાંઈ' દીકરીનો કાગળ લઈ ફરતો ગામે ગામે,
સરનામામાં પોસ્ટ કરુણા, મુકામ મમતા ગામે.

### માતૃપ્રેમ

સુધાકર હરિહર ભટ્ટ, અમેરિકા

પ્રેમ તમ પૂજ્ય બા, જીવનભર ભૂલાય ના
દિલદર્પણ માંહીથી કદી પણ ભૂંસાય ના.
નયન પ્રેમાળ તમ એવાં અમીરસ સૂકાય ના,
પ્રેમરસ અમ પાવા નયન તમ બીડાય ના.
પ્રેમસાગર તમ ભવ્ય, કદી પણ અટકાય ના,
ડૂબી ગયેથી તેમાં, જીવન વ્યર્થ જાય ના.
સુખી કરવા અમને તમ દુઃખ ગણ્યાં ગણાય ના
માતૃપ્રેમ એવો તમ કદી પણ વિસરાય ના.
('ગુજરાતી લીટરરી એકાદમી ઓફ નોર્થ અમેરિકા' તરફથી ઓગસ્ટ ૨૦૦૦માં લિવિન્ગસ્ટન, ન્યૂ જર્સીમાં આયોજીત 'બીજું સાહિત્ય સંમેલન'ના કવિસંમેલનમાં રજૂ કરેલું કાવ્ય.)

### અટંકી અલખ

ચંદ્રકાન્ત દેસાઈ, અમેરિકા
તેમના કાવ્યસંગ્રહ 'ગીતોન્મેષ'માંથી.

શો અલખ અટંકી જગાવ્યો ?
મુજ ઉદ્ધારે હે યોગીશ્વર !
ઝોળી લઈ કાં આવ્યો ?
શો અલખ અટંકી જગાવ્યો.
પ્રથમ દૃષ્ટિએ નવ પહેચાન્યો,
અવગણી મેં તવ વાણી
ગર્વગુમાને મુખ મરોડી દીધી રોષની લ્હાણી
ટળ્યો નહીં તું, 'ટળ જોગીડા'
કહી હું મૂર્ખ બરાડયો. . .શો
ચસી નહીં તુજ વિરાટ પગલી
મુજ બારણિયાં છોડી
કંટાળ્યો હું અલખ સૂણીને, દીધી ન એકે કોડી
સ્મિતમય તારો વદનશશી
ના તો યે સ્હેજ વિલાયો. . .શો
વિસ્મિત ચંચળ નેણ અચાનક
તવ ઝોળીમાં પડતાં
અગણિત કંઈ હીરલા, રવિ શશીગ્રહ
ભાળ્યા મેં ઝળહળતા
ત્યારે મેં કંગાળે તારો
ભવ્ય અલખ પિછાન્યો. . .શો
ગર્વ ગર્યો અંતરિયેથી ને ઝર્યું આંસુડું નેણે
ઝટ એ ઝીલ્યું ઝોળીમાં ભેટ્યો મુજને સ્નેહે
અણુ લઈ હિમાલય દીધો
કરુણાનંદ છલકાયો. . .શો

### ⌘ પીનારાને પૂછી જોજે ⌘

**વિનય કવિ 'બદનામ'**
**તેમના ગઝલ સંગ્રહ 'દિલ એટલે દર્દ'માંથી**

દવા તું મારા દર્દની એ
દર્દ દેનારાને પૂછી જોજે,
હોઠોનાં નિમંત્રણને આંખોના
ઈશારાને પૂછી જોજે.
વિત્યું શું ઉંબરા પર
શું વેઠયું તુલસી ક્યારાએ,
નેવેનેવે સિસકતા ઉર-
ધબકારને પૂછી જોજે.
નૌકા ડૂબી અમારી તો
ખળભળી ગયો'તો સાગર,
મોજાંઓએ કર્યો વિલાપ કેવો
એ કિનારાને પૂછી જોજે.
વાતો છે તારી જાહિદ,
અનુભવ વિનાની બાંગો,
શું છે મજા પીવામાં એ
તું પીનારાને પૂછી જોજે
પ્રણયનું દર્દ એક જ તો દર્દ
નથી આ જગતમાં,
બેઘર અને બેહાલ કોઈક
બિચારાને પૂછી જોજે.
દોસ્તી અને દુશ્મની
પ્રેમ કે વેર શું સાથ આવે ?
વિદાય આ સંસારથી
લઈ જનારાને પૂછી જોજે.
મુશ્કેલ છે જીવન તો
મરણ પણ ક્યાં છે સહેલું ?
મરવાને વાંકે જીવતા
કો જીવનારાને પૂછી જોજે.
વીતી રડીરડીને વિરહની
રાત કેમ 'બદનામ',
એ નભથી ખરી જતા
કો સિતારાને પૂછી જોજે.

### ⌘ જગાડવા આવ્યો છું ⌘

**દેવજી થાનકી, ગુજરાત**

યુવાનને યુવાન હું બનાવવા આવ્યો છું
યૌવનને ધબકતું કરાવવા આવ્યો છું
ખમીર ને ખુમારી યૌવનનું ભાતું
અપાર તાકાતની યાદ આપવા આવ્યોછું
યૌવન નિસ્તેજ હોય, ખપે નહિ દેશને
યૌવનમાં તેજપૂંજ પાથરવા આવ્યો છું
ભરપૂર નૂરને, સાહસને, શૌર્યને
રાષ્ટ્રહિતના કામે લગાડવા આવ્યો છું
યુવાનોને સંદેશ આટલો જ બસ છે
યૌવનને સાર્થક સોહાવવા આવ્યો છું
દેશભક્તિ ગીતથી યુવાનો જાગે
એટલું જ ઝંખું,
જગાડવા આવ્યો છું.


### ⌘ શોધ ⌘

હંસાબેન ત્રિવેદી, અમેરિકા
તેમના કાવ્યસૂગ્રહ 'હંસગાન'માંથી

ઉત્તર જાઉં દક્ષિણ જાઉં,
પૂરવ પશ્ચિમ જોતી જાઉં.
કેડીએ જાઉં રસ્તે જાઉં,
છોડ ને વૃક્ષો જોતી જાઉં.
ગાડીમાં જાઉં બસમાં જાઉં,
નદી ને નાળાં ખૂંદતી જાઉં.
પર્વત ડુંગર ચડતી જાઉં,
વનવગડાને પૂછતી જાઉં.
ટ્રેનમાં જાઉં પ્લેનમાં જાઉં,
સ્ટીમરની મોજ્યું માણતી જાઉં.
જળ પર જાઉં થળ પર જાઉં,
આકાશ અવકાશ ભેદતી જાઉં.
ઉપર જાઉં નીચે જાઉં
પૃથ્વી પાતાળ વીંધતી જાઉં.
અણુ અણુમાં શોધતી જાઉં,
પ્રભપગેરું ગોતતી જાઉં.
રુદિયામાં બેઠો જોતો જાય,
આતમરામ હસતો જાય.

## સાભાર સ્વીકાર

**'સંબંધોનો ચંદરવો' લેખકઃ વિનય કવિ યુકે.**



'સૂર્ય પશ્ચિમમાં પણ પ્રકાશે છે' અને 'નિર્મોહી' પછી જાણીતા સાહિત્યકાર શ્રી વિનય કવિનો આ ત્રીજો વાર્તાસંગ્રહ છે જે સુઘડ ટાઈપસેટીંગ તથા આકર્ષક મુખપૃષ્ઠથી દીપી ઊઠે છે.

તેઓ પોતાની પ્રસ્તાવનાઓમાં કહેતા રહે છે તેમ ટૂંકી વાર્તા એ લાઘવન્તી કલા છે અને જે કંઈ કહેવું હોય તે સંક્ષેપમાં અને મુદ્દાસર કહેવું જોઈએ એ તેમનું ધ્યેય છે જે આ સંગ્રહમાં પણ પ્રગટ થાય છે. માનવમનની પરસ્પર વિરોધી વૃત્તિઓ અને તેમાંથી પેદા થતો સંઘર્ષ સમુચિત સંવાદો ને ભાષાપ્રયોગોથી આ વાર્તાઓમાં આલેખાયો છે. એમણે વર્ણવેલ પ્રસંગો જાણે આપણી નજર સામે ભજવાતા હોય તેવી કુશળતાથી રજુ કરવાનો કસબ તેમને હસ્તગત છે.

વાર્તાલેખનમાં વિનયભાઈએ શૈલીપ્રયોગો પણ કર્યા છે. કોઈ સામયિકમાં 'આપના પ્રશ્નો' જેવી કોલમ હોય અને વાચકો સમક્ષ જે કોયડો રજુ થાય એ રીતે 'જીવનમાં ઉમળકાનું સ્થાન શું ?' વાર્તાનું કલેવર ઘડાયું છે. 'વાત એક, અંત બે'માં એ રીતે બે અંત સૂચવીને યોગ્ય અંત વાંચનારે જ પસંદ કરવાનો હોય છે. કશુંક અવનવી રીતે રજુ કરવાનું પ્રયોગશીલ વિનયભાઈને ગમે છે. પત્રરૂપે આવતી વાર્તા 'બે પેઢી, બે પત્ર' પણ આનો જ નમૂનો ગણાય.

તેમના એકાંકીસંગ્રહની જેમ વાર્તાક્ષેત્રે પણ લેખકની સંવાદકલા પ્રભાવી બની છે જે દરેક વાર્તામાં જોઈ શકાય છે. પાત્રોને અનુરૂપ ભાષા વાપરવાની કલા એમને સહજપણે પ્રાપ્ત છે.

સમગ્રપણે જોતાં પાત્રવૈવિધ્ય, પ્રસંગવૈવિધ્ય, ચોટદાર સંવાદો, લાઘવ, રચનાકૌશલ્ય અને માનવમનનાં સંકુલ સંવેદનો થકી 'સંબંધોનો ચંદરવો' બહુ ભાતીગળ બન્યો છે.

આવો સત્ત્વશીલ વાર્તાસંગ્રહ આપવા બદલ વિનય કવિને અનેક અભિનંદન તથા ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ.

-સમીક્ષકઃ ડૉ. જગદીશ દવે, યુકે.

## શું હશે એના મનમાં ? વિનય કવિ 'સંબંધોનો ચંદરવો'માંથી

પ્લેટફોર્મથી નીકળીએ સડસડાટ કાફેને દરવાજા પર આવી, અને અટકીને ઊભી રહી ગઈ. થયું કે પાછી વળી જાઉં. બે ટ્યુબો બદલી ત્યારે પણ આવી અસમંજસની લાગણી જન્મી હતી. શું કરવું છે એને મળીને ? શું કહેવું છે મારે એને ?

માધુરીના માનસચક્ષુ સમક્ષ ત્રણ વર્ષ પૂર્વેનું દૃશ્ય આવી ગયું. ત્યારે પણ આ જ સ્થળે, આ જ વ્યક્તિને મળવા આવી હતી.

એના માબાપે એને માટે છોકરો શોધ્યો હતો. તેમના કહેવા પ્રમાણે એ કુલીન હતો, ભણેલો હતો, રૂપાળો હતો, સુખી હતો. દિનકરના કુટુંબને પણ આ સંબંધ ગમતો હતો. એકબીજાને જોવાનું તથા પસંદ પડવાનું જ બાકી હતું.

માધુરીએ ફોન પર દિનકર સાથે વાત કરી હતી અને એને લેસ્ટરથી લંડન આવી આ કાફેમાં મળવાનું સૂચવ્યું હતું. મુલાકાત મન વગર ગોઠવી હતી., કેમકે માધુરી તો મયંકના પ્રેમમાં હતી. માબાપનું મન રાખવા આ નાટક કરવાનું હતું. આમાં પણ મુશ્કેલી એ હતી કે પોતાને દિનકર ન ગમવાનું કોઈ કારણ એ બતાવી શકે તેમ ન હતી. માત્ર 'મને ન ગમ્યો' એટલું કહેવાથી નહીં ચાલે તે એ સારી રીતે સમજતી હતી.

એક વિચાર સ્ફૂર્યો હતો. કદાચ આ ગોઠવાતા લગ્નમાંથી બચી શકાશે અને પછી મયંક માટે માબાપને રાજી કરી શકાશે. આનો બધો આધાર હતો દિનકરના સાથ અને સહકાર પર. દિનકરને કેમ કરી સમજાવવો એ માટે એણે ઘણા તર્કવિતર્ક કર્યા હતા. ટ્યુબમાં આખે રસ્તે એણે શંકા-આશંકાના સાગરમાં ગોથાં ખાધાં હતાં. છતાં આ કામ કર્યા સિવાય છુટકો નથી એ બાબત પણ સ્પષ્ટ હતી.

કાફેમાં પહોંચી જોયું તો દિનકર ન દેખાયો. એણે પર્સમાંથી ફોટો કાઢી ચારે તરફ નજર નાંખી. પણ એ ચહેરો ન દેખાયો. ખૂણાના એક ટેબલ પાસે એણે બેઠક લીધી. ફરી ઘડિયાળમાં જોયું. દિનકર ના આવ્યો તો ? એના મગજમાં એક ચમકારો થયું અને હૈયું આનંદથી નાચી ઊઠ્યું. તો એ માતાપિતાને કહી શકશે કે દિનકરે મુલાકાત ટાળીને એમનું અપમાન કર્યું છે અને પોતાના આત્મવિશ્વાસને પણ હણ્યો છે. પછી તો ગુસ્સાના માર્યા માબાપ મયંક સાથેના પ્રેમલગ્નને મંજૂરી આપશે જ.

ત્યાં તો તેણે દૂરથી દિનકરને પોતાના તરફ આવતો જોયો. ફોટા કરતાં પ્રત્યક્ષ વધુ નમણો લાગ્યો. 'મયંકના લવમાં ના હોઉં તો હું આને જરૂર પરણું' એમ એને લાગ્યું.

નજીક આવી એણે પૂછ્યું, 'હલ્લો, બહુ રાહ જોવી પડી કે શું ?'

'જી ના, હું જ કંઈક વહેલી આવી ગયેલી. બેસોને.'

દિનકરે સામેની ખુરસી લીધી. પળભર બેઉ એકમેકને નિરખી રહ્યાં. પછી દિનકર બોલ્યો, 'વાતચીતમાં થોડો સમય તો જવાનો જ. તો ચ્હાપાણીની વ્યવસ્થા કરું. તમે શું લેશો ?'

'માત્ર કોફી. મિલ્ક એન્ડ વન સુગર, પ્લીઝ.'

દિનકર ખાવાપીવાના કાઉન્ટર ભણી ચાલ્યો અને માધુરી મનમાં સવાલજવાબ ગોઠવવા લાગી. થોડીવારમાં દિનકર ટ્રે સાથે પાછો ફર્યો. શરૂઆત એણે જ કરી.

'શું કરો છો હમણાં ?'

'બી.એ. કર્યા બાદ વરસેકથી બેંકમાં ઓફિસર ગ્રેડ પર છું. મારા પિતાજી કહેતા હતા કે તમે લૉની ડીગ્રી મેળવી છે.'

'અત્યારે એક સોલિસિટરની ફર્મમાં છું. આગળ જતાં બેરિસ્ટર થવા માગું છું.'

'અચ્છા, તમારી હોબીઝ શું છે ?' માધુરીએ વાતનો દોર લંબાવવા અમસ્તું જ પૂછ્યું.

'કાયદાના પુસ્તકો વાંચવાની. એમાંથી સમય મળે તો ક્રિકેટ રમું છું. તમને શાનો શોખ છે ?'

'નાટકસીનેમા જોવાનો. સ્વીમીંગ અને નેટબોલ.'

'સુંદર. હવે મૂળ વાત પર આવીએ. મારા પક્ષે કહું તો તમે મને ગમો છો. મારાં માબાપ તો પહેલાંથી રાજી છે. તમારો ઈરાદો હમણાં જાણી શકું કે પાછળથી જણાવશો ?'

માધુરી કોફીના કપમાં ખાંડ નાંખી ચમચીથી હલાવતી રહી. મનમાં ગડમથલ ચાલતી હતી કે નક્કી કર્યો છે તે પ્રસ્તાવ દિનકર સમક્ષ કઈ રીતે રજૂ કરવો. એની અવઢવ જોઈ દિનકરે જ કહેવું પડ્યું, 'તમારે કહેવાની જરૂર નથી. હું સમજી શકું છું. હું તમારી પસંદગીમાં ઊણો ઉતર્યો છું.'

ત્વરાથી માધુરી બોલી, 'ના, એવું નથી. તમને પામનાર છોકરી ખરેખર ભાગ્યશાળી હશે. મારી વાત એમ છે કે. . .' અહીં એની જીભ થોથરાઈ.

એની લજ્જાને છાવરતાં દિનકરે જ ઉમેર્યું, 'મારી પ્રસંશા કરી તે બદલ આભાર. મને પામનાર ભાગ્યશાળી હશે તેમ માનો છો તો પછી મને પસંદ નહીં કરવાનું કારણ ?'

'એટલું જ કે હું કોઈ બીજાના પ્રેમમાં છું.' માધુરી હવે એકી શ્વાસે બોલી ગઈ.

દિનકર તરત જ ઊભો થઈ ગયો. 'તો પછી આ મુલાકાતના નાટકનો અર્થ શો ? તમે ફોન પર આ વાત મને કહી શક્યા હોત. મને નાહક ધક્કો ન થાત ને સમય ન બગડત.'

'આઈ એમ સોરી. મારી મજબૂરી છે. આપણાં જોડાણ માટે મારાં માવતર એટલાં બધાં મક્કમ છે કે મારા પ્રેમી મયંકનો તો વિચાર સુદ્ધાં નહીં કરે.' એણે મંદ સ્વરે ચોખવટ કરી.

'આ સમસ્યા તો તમે અને તમારા માબાપ જ ઉકેલી શકે.'

અકળાઈને માધુરી બોલી, 'મેં તમને એટલા માટે બોલાવ્યા કે તમે કદાચ મારી મદદે આવો.'

'તમારા અંગત મામલામાં હું કેવી રીતે દખલ કરી શકું ?' હવે દિનકર ગુંચવાયો હતો.

'તમે મને નથી ગમ્યા એમ ખોટેખોટું કહું તો પણ મારાં માબાપ નહીં માને. એ મારા પર દબાણ લાવશે ને મારે એમના હઠાગ્રહને આધીન થવું પડશે.'

દિનકર પાછો બેસી ગયો. 'તમારી વિવશતા હું સમજું છું. પરંતુ હું શી રીતે મદદ કરી શકું તે મને તો નથી સમજાતું.'

દુપટ્ટાના છેડાને આંગળીઓથી રમાડતાં માધુરીએ કહ્યું, 'એક રસ્તો છે. અને એ વિચારથી જ મેં તમને અહીં આવવા તકલીફ આપી છે. જો તમે એમ કહો કે હું તમને નથી ગમી તો મારા પિતાને એમનું અપમાન થવા જેવું લાગશે અને એમની એવી આવેશપૂર્ણ અવસ્થામાં હું તેમને મયંક માટે મનાવી શકીશ.'

'પણ તમે મને પસંદ છો. તો તમે નથી ગમ્યાં એવું જૂઠ હું મારાં માતાપિતાને કે તમારા માબાપને કેવી રીતે કહું ?'

માધુરીનો અવાજ અત્યંત ગળગળો થયો, 'પ્લીઝ, મારે ખાતર આટલું જૂઠ બોલશો તો હું તમારો જિંદગીભર અહેસાન માનીશ. મયંક સાથેના મારા સુખી સંસારનું ભાવિ તમારા હાથમાં છે.'

. . .અને દિનકરે એનું વેણ રાખ્યું હતું. એણે બંને પક્ષોને કહ્યું કે માધુરી એને જરાય ગમી નથી. પરિણામે માધુરીએ કલ્પ્યું હતું તે જ બન્યું હતું. દિનકરને બતાવી આપવા જ માધુરીના માબાપે મયંક સાથે દીકરીનું લગ્ન ઝટપટ કરી દીધું. આ બાજુ દિનકરને એનાં માબાપની નારાજગી ખમવી પડી.

આજે એ જ કાફેના દરવાજે અટકેલ માધુરી મનોમન વિચારે છે. શું થઈ ગયું આ ત્રણ વર્ષમાં ? મયંક સાથેનું પ્રેમલગ્ન ભાંગી પડયું. એને ય વરસ થવા આવ્યું. દિનકરને અન્યાય કર્યો છે એ ખયાલ રહીરહીને અંતરને ડંખતો હતો. માધુરીએ દરવાજા આગળથી જ દિનકરને જોયો. એ ડાબા હાથ પરના છેવાડાના ટેબલ આગળ બેઠો હતો. ચહેરો હજુ એટલો જ પ્રભાવશાળી અને આકર્ષક હતો.

એ ઝડપથી પાસે પહોંચી. દિનકરે ઊભા થઈને એને આવકારી. 'આવો, બેસો. શું લેશો ?'

બેઠક લેતાં એ બોલી, 'કોફી ચાલશે.'

'મિલ્ક એન્ડ વન સુગર, બરાબર ને ?' બોલતો એ જતો હતો ત્યાં માધુરીએ કહ્યું, 'તમને બરાબર યાદ રહી ગયું છે !' એ તત્કાળ છોભીલી પડી.

દિનકરે હસિને ઉમેર્યું, 'તમે યાદ રહી ગયા છો તો તમારી પસંદગી કેમ ભૂલાય ?'

કોફી લઈ દિનકર પાછો આવી ગયો ત્યારે માધુરીએ શરૂઆત કરી, 'કેમ છો ? શું કરો છો હમણાં ?'

'બેરિસ્ટર થઈ ગયો છું એટલે ઘણો બીઝી રહું છું. તમે પરણ્યાં તેમ હું પણ પરણ્યો છું.'

'કોન્ગ્રેચ્યુલેશન્સ. ક્યારે લગ્ન કર્યું ?'

'બે વરસ થયાં.'

'શું નામ છે તમારી વાઈફનું ?'

'વસુધા. એ પણ બેરિસ્ટર છે.' એના સ્વરમાં નિખાલસ હર્ષ હતો કે ગર્વની છાંટ હતી ?

'અરે વાહ. તો તો જોડી બરાબર જામી છે.'

દિનકરે ટિખળ કર્યું, 'લોકો તો કહે છે જેમ એક ઘરમાં બે ડોક્ટર નહીં સારા તેમ બે વકીલો પણ નહીં. દલીલબાજીમાંથી જ આખો દિવસ ઊંચાં નહીં આવે.'

'આ તમે ગમ્મત ખાતર કહો છો, ખરું ને ?'

'છે તો એમ જ. એનો સ્વભાવ એટલો સરળ છે કે મિત્રો કહે છે કે એણે વકીલ થવામાં ભૂલ કરી છે.' એણે કોટના ખીસામાંથી પાકીટ કાઢયું અને એમાંથી એક ફોટો બાહર કાઢી બતાવતાં ઉમેર્યું, 'આ વસુધા અને આ દીપ. એક વરસનો થયો."

માધુરીએ ફોટો હાથમાં લીધો. હૈયામાં કાંટો વાગ્યો હોય તેવી વેદના થઈ. પણ કંઠે જરાય અણસાર ન આવવા દીધો. 'સુંદર પોઝ છે. ચાર્મીંગ છે વસુધા અને જોનારને ગમી જાય એવો છે તમારો દીપ' અને દીપના નામનો ઉચ્ચાર કરતાં મનમાં થઈ આવ્યું કે આ બાળક મારું હોઈ શકત. વિષાદની વાદળી એના વદન પર છવાઈ.

સારું થયું કે દિનકરનું ધ્યાન એના પર ન હતું. એ તો જાણે પહેલી જ વાર જોતો હોય તેમ ફોટાને જોવામાં તલ્લીન હતો. થોડીવારે સુખસમાધિમાંથી જાગી એણે પોતાના નામ-સરનામાવાળું કાર્ડ માધુરીને આપતાં કહ્યું, 'કોઈ દિવસ ઘેર આવો. તમને મળી વસુધાને આનંદ થશે.'

'જરૂર, ક્યારેક આવી જઈશ. વારુ. વસુધાને મારા રીગાર્ડઝ અને દીપને પ્યાર આપજો. તમારો ખૂબ સમય લઈ લીધો,' ઊભા થતાં એ બોલી, 'હું હવે રજા લઉં. મારે સમયસર ઘેર પહોંચવું જોઈએ.' દિનકરને કશું બોલવાની તક આપ્યા વગર માધુરી ઉતાવળા પગલે કાફે છોડી ગઈ.

દિનકર એની પીઠને તાકતો રહ્યો. એ અજબ ગુંચવણમાં પડયો હતો. મુલાકાત માધુરીએ માગી હતી. પણ શા માટે એની તો વાત જ ના કાઢી. અને હું ય કેટલો અણઘડ કે મારું જ ગાણું ગાતો રહ્યો. એ શું કરે છે એટલું ય પૂછવાનો વિવેક ના દાખવી શક્યો. એ મળવા આવી તે માત્ર શિષ્ટાચાર હશે ? કે કંઈ કામ હશે મારું ? શું હશે એના મનમાં ?

## ગિરનાર

જાતાં જોયું જૂનાણું(જૂનાગઢ) અને વળતાં જોયું સતાધાર
પણ જેણે જોયો નહિ ગઢ ગિરનાર એનો એળે ગયો અવતાર

સૌરાષ્ટ્રમાં આવેલો જગપ્રસિદ્ધ, અને ધાર્મિકતા સાથે સંકળાયેલો અડિખમ અને સીધા ચઢાણવાળો ગિરનાર પર્વત ભુસ્તર શાસ્ત્રીઓની ગણતરીમાં હિમાલય કરતાં પણ પ્રાચીન અને અતિ મહત્ત્વનો છે. રા'ખેંગાર, રાણકદેવી ને સિદ્ધરાજ જયસિંહના પ્રણયત્રિકોણમાં ખેલાયલા સંગ્રામનો એ સાક્ષી, આજુબાજુની વનરાઈઓ મણીવોહોણા અને શીખા કપાયેલા દ્રોણપુત્ર અસ્વત્થામાની રમણભૂમિ ગણાય છે. શ્રી નૃસિંહ મહેતાએ હરિજનોનો પક્ષ લઈને અહીં પ્રભુભક્તિ સાક્ષાત કરી. શામળદાસ ગાંધી જેવા શુરવીર કે જેણે સોરઠ રાજ્યને પાકિસ્તાનમાં ભળતાં બચાવ્યું અને યુવાનવયે વિધવા બનેલા પુષ્પાબેન મહેતા જેમણે આજીવન કાળો સાડલો પહેરીને ગામેગામ સ્ત્રીઓના ઉત્થાનમાં જીવન વિતાવ્યું, તેવા લોકોની આ જન્મભૂમિ.

ગિરનારની તળેટીમા વસેલા જૂનાગઢમાં મારો શૈશવકાળ પસાર થયો. હાઈસ્કૂલ અને કોલેજ સુધીનો અભ્યાસ અહીં કર્યો. ગિરનાર અનેકવાર ચડયો છું. ભારતની આઝાદી પહેલાં સોરઠ મુસ્લિમ રાજ્ય હતું અને તેની રાજધાની જૂનાગઢ. તે સમયે તેની વસતિ અંદાઝે પચીસ હજારની ગણાતી. આખા રાજ્યમાં હિન્દુ-મુસ્લિમ હળીમળીને રહેતા, જોકે મુસ્લિમ એક આક્રમક જાતિ તરીકે ઓળખાય એટલે આખા રાજ્યમાં હિન્દુઓની સંખ્યા એંસીથી પંચાસી ટકાની હોવા છતાં હિન્દુઓના મનમાં મુસ્લિમો વિષે થોડો ભય ખરો.

પોલીસખાતાના વડા મોટે ભાગે મુસ્લિમ પણ સિપાહીઓ રાજપૂત, કાઠી, આહીર, મહેર, વગેરે લડાયક જ્ઞાતિના હતા. વહિવટ અને નાણાખાતું નાગરોની કુનેહ પર ચાલતાં. શિક્ષણના વડાઓ મુસ્લિમ હોવા છતાં અભ્યાસાર્થીઓ મોટે ભાગે હિન્દુ હોવાથી શિક્ષણ વ્યવસાયમાં હિન્દુઓના માનમર્તબા જળવાતા. મારા નાનીમા, સાકરબાઈ હીરજી નથવાણી, રાજ્યની મુખ્ય અને મહત્વની ગણાતી આયશાબીબી કન્યાશાળાના હેડમીસ્ટ્રેસ હતા. જૂનાગઢના તે વખતના નવાબ મહાબતખાનજી અને તેમની રાણીઓ તથા વૈષ્ણવ હવેલીના મહારાજ શ્રી પુરુષત્તમલાલજી મહારાજ અને તેમના પત્ની, જે 'વહુજી'ના લાડીલા સંબોધનથી ઓળખાતા, તેઓ મારા નાનીમાને બહુ માનપાન આપતા.

બારમી સદીમાં ગિરનાર પર 'ઉપરકોટ' નામની ટૂક પર કુમારપાળના સમયમાં કે વસ્તુપાળ-તેજપાળે જૈન મંદિરો બંધાવ્યા તે સમયે ગિરનાર પર ચડવાનો રસ્તો કંડારાયો હશે. ત્યાર પછી યાત્રાળુઓની સગવડ માટે સીધા ચઢાણવાળી જગ્યાઓ પર છૂટાછવાયા પગથિયા બંધાયા હતા. ગિરનાર લાવારસમાંથી બનેલ કાળમીંઢ પત્થરનો બનેલો છે એટલે એ પગથિયા માટે પણ એ જ પત્થર વપરાયો હતો. સૌથી ઊંચી ટૂક પર એ પહેલાં અંબામાની દેરી બંધાયેલી, જ્યાં ત્યાર પછી હાલનું અંબામાનું મંદિર બંધાયું. ગિરનારની ઊંચાઈની સરખામણીમાં તેની આજુબાજુના ડુંગરાઓની ઊંચાઈ બહુ ન હોવાથી આ મંદિર ચારે દિશામાં દૂર સુધી જોઈ શકાય છે. બંને બાજુની તળેટી કરતાં અહીં ટોચ પર સૂર્યોદય થોડો વહેલો અને સૂર્યાસ્ત થોડો મોડો થાય. હોળીના દિવસે અંબાજીના મંદિરની હોળી પ્રગટે તે જોઈને પછી જૂનાગઢમા અને આજુબાજુના ગામોમાં હોળી પ્રગટાવવાનો રિવાજ છે.

ગિરનારને ઓળંગીને પૂર્વ દિશામાં આગળ વધતાં એક ટૂક પર ગુરૂ ગોરખનાથનું અને બીજી ટૂક પર ગુરૂ દતાત્રેયનું મંદિર બંધાયા. ત્યાર પછી નીચે ઉતરતાં પૂર્વ તરફની તળેટી તરફ જતાં કાળીકા માતાજીનું મંદિર આવે છે. અને ત્યાર બાદ સપાટ મેદાન પર ભેસાણ ગામ તરફ જવાનો રસ્તો શરૂ થાય છે. ગુરૂ ગોરખનાથના મંદિરે જવા બહુ ચડવું પડતું નથી એટલે અંબાજીની યાત્રાએ આવતા ઘણા લોકો ત્યાં સુધી જઈ આવે છે. પણ ગુરૂ દતાત્રેયની ટૂક ખૂબ જ સીધા ચઢાણવાળી છે. કોઈ કોઈ જગ્યાએ પચાસથી સાઠ પગથિયાના સીધા દાદરા હોય છે અને એક સ્થળે પંચાણુ પગથિયાનો સીધો દાદરો છે. એટલે જેના પગમાં તાકાત હોય, હૃદય મજબૂત હોય અને મન મક્કમ હોય તેજ આ મંદિરે દર્શન કરવા જઈ શકે. ટોચ પર બહુ સપાટ જમીન નથી. ત્રણ બાજુથી ખુલ્લી એક નાની દેરી છે જેમાં શ્રી દતાત્રેયની મૂર્તિ અને દાન મૂકવાની એક પેટી છે. તળેટીમાંના કાળિકા માતાજીના મંદિરનો પૂજારી, કે સાધુ કે બાવાજી, જે કહો તે, દિવસમાં એક વખત આવીને સાફસુફી તથા પૂજા કરી જાય છે.

જેમ જેમ ગિરનારની ખ્યાતિ પ્રસરતી ગઈ તેમ તેમ દરેક પંથના શ્રદ્ધાળુઓ ગિરનારની યાત્રાએ આવવા લાગ્યા. તેમાં હિન્દુ અને જૈન ઉપરાંત

**(અનુસંધાન પાના ૯ પર)**

ગુજરાતી સાહિત્યના પ્રચાર માટે એક અનોખો પ્રયોગ અહીં કરવામાં આવે છે. આ વિભાગમાં વાચકોએ ગુજરાતીમાં રજુ કરેલા લેખો, વાર્તાઓ વગેરે તેના અંગ્રેજી ભાષાંતર સાથે રજૂ કરવામાં આવશે. યોગ્ય સર્જનકૃતિઓ મોકલવા ગુજરાતી ભાષા પ્રેમીઓને આમંત્રણ છે.

જેઓ ગુજરાતી નથી વાંચી શકતા તેમને પણ આથી ગુજરાતી સાહિત્યનો લહાવો મળે. આશા છે કે તેમને એ સંદેશો મળે કે જો તેઓ પોતે જ ગુજરાતી વાંચી શકે તો ગુજરાતીના વિપુલ અને રસપ્રદ સમૃદ્ધ સાહિત્યનો સીધો લાભ લઈ શકે.

-માનદ્ તંત્રી, પ્રવીણ વાઘાણી

An innovative experiment is being done here to promote the Gujarati literature in English. Contributions from the readers will be printed in English translated from Gujarati. Readers, lovers of Gujarati, are invited to send creations with its English translation.

Those who cannot read Gujarati will thus be able to enjoy the Gujarati literature. It is hoped to send a message that if they will learn to read Gujarati then they can enjoy directly the interesting and unlimited, rich Gujarati literature.

–Hon. Editor, Pravin Vaghani

## પૃથ્વી પ્રદક્ષિણા

### ૧૪ જૂન ૨૦૦૬ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૬

(પ્રવીણ અને મંજુલા વાઘાણી)

### પ્રવાસકથા-૩

તા. ૯ જૂન, શુક્રવારના રોજ અમે ટ્રાવેલ એજન્ટ પાસેથી ટિકિટ લેવા ગયા. ટિકિટો લઈને તેની બધી તારીખો જોઈ ને સમજી લીધી. ટિકિટમાં પ્લેન ક્યારે ઊપડશે તે બતાવ્યું હોય, તે ક્યારે પહોંચશે તે ટિકિટમાં ન બતાવ્યું હોય. તે અમારે 'ટ્રાવેલ આઈટિનરરી'માં જોવું પડે. આ તારીખો ચેક કરવાનું હું જાત-અનુભવે શીખ્યો છું. બે-અઢી દાયકા પહેલાં જ્યારે એરલાઈનોમાં ટિકિટના ભાવમાં 'ડિસ્કાઉન્ટ'ની ખેંચાખેંચી નહોતી ત્યારે હું ધંધાર્થે પરદેશ જવાને ત્રણચાર દિવસ અગાઉ ટ્રાવેલ એજન્ટને ફોન કરી પ્લેનની ટિકિટ બુક કરતો. મોટે ભાગે અહીંથી રવિવારે રવાના થાઉં એટલે બીજે દિવસે સોમવારે કામે લાગી જવાય. ઉપરાંત રવિવારે આખું કુટુંબ અને મિત્રો પણ એરપોર્ટ આવી શકે. એજન્ટ પાસેથી ટિકિટ શુક્રવારે બપોરે લેવાનો રિવાજ. આવી એક ટિકિટ એકવાર જયેન શનિવારે બપોરે જોતો હતો ત્યારે તેણે આવીને મને સવાલ કર્યો, 'ડેડી, તમે ક્યારે જવાના છો ?' 'કાલે બપોરે.' મેં એમ જ જવાબ આપી દીધો, જો કે મનમાં એના સવાલ માટે આશ્ચર્ય થયેલું, કારણ કે વાત તો કાલે પણ ચર્ચાઈ ગઈ હતી. 'પણ આ ટિકિટ પ્રમાણે તો તમારે સોમવારે જવાનું છે.' તેણે કહ્યું. હું ચમક્યો. ટિકિટ તપાસી તો તેની વાત સાચી હતી. ટ્રાવેલ એજન્ટે ભૂલ કરી હતી. હવે શું કરવું ? હોંગકોંગમાં હોટેલ બુક થઈ ગયેલી. એરપોર્ટ પર 'સપ્લાયર' લેવા પણ આવવાના હતા. ટ્રાવેલ એજન્ટની ઓફિસ તો બંધ થઈ ગયેલી. અમે એરલાઈનનો સંપર્ક સાધ્યો. સારા નસીબે રવિવારે પણ પ્લેનમાં જગ્યા મળી ગઈ. તે દિવસોમાં ટિકિટ લીધા પછી પણ નીકળવાની તારીખમાં વગર ખર્ચે ફેરફાર થઈ શકતા હતા. હાલના સમયમાં આ 'ડિસ્કાઉન્ટ' ભાવવાળી ટિકિટ લીધા પછી તેમાં આવા ફેરફાર કરવા પડે તો બહુ મોટી કિંમત ચૂકવવી પડે. આ વર્લ્ડ ટૂરમાં જ અમે ન્યુ યોર્કથી રાલી જવાની 'અમેરિકન એરલાઈન'ની વધારાની ટિકિટ લીધેલી. પણ બુકીગ કરાવ્યા પછી બે જ દિવસ બાદ અમને થયું કે રાલી બે દિવસ વહેલા જઈ શકાય તેમ છે. અમે તરત જ એજન્ટને ફોન કરી અમારી ઈચ્છા જણાવી.. તેણે તપાસ કરીને અમને ફોન કર્યો ને કહ્યું કે જો તેમ કરવું હોય તો તમારે ટિકિટના પચાશ ટકા પૈસા વધારે આપવા પડશે ! એટલે વધારે પૈસા આપો અથવા ફેરફાર કરવાનો વિચાર માંડી વાળો. બીજું જો પ્લેન મધરાત પછી તરત ઉપડવાનું હોય તો એરપોર્ટ પર આગલે દિવસે સાંજે જવાનું હોય તેની મનમાં ગાંઠ બાંધી રાખવી જોઈએ. જેમકે ત્રીજી તારીખની સવારના એક વાગ્યાની ફ્લાઈટ હોય તો બીજી તારીખે સાંજે એરપોર્ટ પર જવું જોઈએ. જો મનમાં એમ જ હોય કે ત્રીજી તારીખે જ જવાનું છે તો જ્યારે એરપોર્ટ પર પહોંચો ત્યારે મુસિબત અને મૂંઝવણનો પાર નહિ રહે. આવી એક રાતની ફ્લાઈટ માટે હું દિલ્હી એરપોર્ટ પર ચેકઈન એરીઆમાં હતો ત્યારે મેં એક વડીલને ઘાંઘાવાંઘા થઈને બોર્ડ તરફ વારેઘડીએ જોતા જોયા. મેં તેમને પૂછ્યું, 'કાકા, કાંઈ મૂંઝવણ છે ?'. તેમણે કહ્યું, 'મારે ટોરન્ટો જવાનું છે, પણ હજી બોર્ડ ઉપર ફ્લાઈટ કેમ નથી દેખાડતા ?' મેં તેમની ટિકિટ જોવા માગી.. ટિકિટમાં જોયું તો ફ્લાઈટ આગલે દિવસે બે વાગ્યે ઉપડવાની હતી. મેં કહ્યું, 'કાકા, તમારી ફ્લાઈટ તો કાલે બુધવારે સવારે ઊપડી ગઈ.' કાકા કહે, 'પણ આજે બુધવાર તો છે !' મારે કાકાને સમજાવવું પડ્યું કે 'રાત્રે બાર વાગ્યે તારીખ અને દિવસ બદલાઈ જાય એટલે તમારી ફ્લાઈટ ગઈકાલે વહેલી સવારે બે વાગ્યે ઊપડી ગઈ.'

## WORLD TOUR

### 14 June 2006 to 30 September 2006

**USA, Uk, Germany, India, Singapore**

**Pravin & Manjula Vaghani**

**(Part 3)**

We went to the travel agent on 9th June, Friday, to collect our tickets. We checked and verified all the dates and made sure they were exactly as we wanted. The ticket only shows the departure date and time; it does not show the arrival date and time. That we have to check in the itinerary prepared by the agent. The itinerary will show time of arrival, flying time, meals, type of aircraft, etc. I have learned the necessity of checking these dates by experience (could have been bitter). Over two decades ago, when there was no 'discount warfare' between airlines, one could chose and change airlines to any destination. Those days, for my business trip, I would phone the agent only 3 to 4 days ahead and book the ticket. Mostly I fly out on Sunday to attend to the business on Monday morning. Also on Sunday, family and friends can come to airport. The ticket would be routinely collected from the agent on Friday afternoon or sometimes he would deliver at home. Once my son Jayen was looking at such ticket on Saturday afternoon, he asked me, 'Dad, when are you going ?' 'Tomorrow afternoon' I replied automatically, puzzled in my mind, as this was already discussed earlier. 'But as per this ticket, you are going on Monday evening !' Startled I checked the ticket and found that he was right. Now what to do ? The agent's office was closed. The hotel in Hong Kong was booked and appointments were made; people will be waiting. I contacted the airline on their emergency number. Luckily there was seat available on Sunday night flight. In those days making such changes was not difficult. These days, once you have paid for and collected the discount fare ticket, such changes are difficult to make or at times are costly. Even in this tour, we had booked a side journey, New York to Raleigh on American Airlines. Only two days after making this booking, we realised we can go to Raleigh two days earlier. We phoned the travel agent and told him of our wish. He inquired with the American Airlines and then phoned us to say that if we want to change the dates, we will have to pay 50% extra fare. So, pay up or forget the change.

There is 'Multiple Entry' visa for India in our passport. We showed that also to the agent and made sure everything is in order. Normally if you tell the travel agent even on phone that you have such a visa, he will accept your word and issue the ticket. Although, the rule is that the travel agent must personally verify that such a visa is stamped in the passport, before issuing the ticket.

અમારા પાસપોર્ટમાં ભારતના 'મલ્ટિપલ એન્ટ્રી'ના વિસા છે. એ પણ અમે એજન્ટને બતાવ્યા અને ખાતરી કરી લીધી કે બધું બરાબર છે. સાધારણ રીતે તમે ટ્રાવેલ એજન્ટને ફોન પર કહી દો કે તમારી પાસે વિસા છે તો તે માની લે અને ટિકિટ તૈયાર કરી નાખે. નિયમ પ્રમાણે જે દેશના વિસાની જરૂર હોય તે દેશના વિસા ન હોય અથવા તે વિસાની મુદત હોય તેથી વધારે સમય તમે ત્યાં રોકાવાના હો તો ટ્રાવેલ એજન્ટ તમને ટિકિટ ન આપી શકે. તેમ છતાં ટ્રાવેલ એજન્ટ ભૂલો કરે છે અને તેને પરિણામે અંતે તો મુસાફરે જ મુશકેલી ભોગવવી પડે છે કે દંડ ભરવો પડે છે.

વિસા માટે જો ગફલત થઈ જાય તો તેનાથી ઘણી મોટી મુસિબત ઊભ ી થવાની શક્યતા છે. ઓસ્ટ્રેલિયન પાસપોર્ટ ધરાવતા ઓસ્ટ્રેલિયાના નાગરિકોને હવે ઘણા દેશોના વિસા લેવાની જરૂર નથી પડતી. પણ ભારત માટે વિસા લેવા પડે છે. વારંવાર ભારતની મુલાકાત લેતા 'એન. આર. આઈ'ની સવલત માટે ભારત સરકાર તેમને પાંચ વર્ષના 'મલ્ટિપલ એન્ટ્રી'ના વિસા આપે છે. આ સગવડ ઘણી સારી છે અને દર વખતે વિસા માટે માથાકૂટ કે દોડાદોડી નથી કરવી પડતી. પણ 'અમારી પાસે તો વિસા' છે એવી ગફલતમાં રહે અને જો તેની તારીખ ચેક કરવાનું ભૂલી જાય તો અણધારી મુસિબત આવી પડી શકે. કારણ કે નિયમ એવો છે કે તમે જેટલો સમય ભારતમાં રોકાવાના હો તેટલા સમયની વિસાની મુદત હોવી જોઈએ. જો એમ નહિ હોય તો ટ્રાવેલ એજન્ટે તમને ટિકિટ ન આપવી જોઈએ અને જો તે ભૂલ કરે તો પણ શક્ય છે કે એરલાઈન તમને બોર્ડિંગ પાસ નહિ આપે, મતલબ કે તમને એરપોર્ટ પરથી જ પાછા કાઢશે. અને જો તે ગફલત કરીને તમને જવા દેશે તો ઓસ્ટ્રેલિયન ઈમિગ્રેશન ઓથોરિટી તમને અટકાવશે અને જો તેમાંથી પણ કદાચ પસાર થઈ ગયા તો ભારત પહોંચ્યા પછી એરપોર્ટની બાહર નહિ નીકળી શકો અને શક્ય છે કે વળતી ફ્લાઈટમાં તમારે, તમારા ખર્ચે, ઓસ્ટ્રેલિયા પાછું આવવું પડશે ! કારણ કે ભારતીય ઈમિગ્રેશન ઓથોરિટી તમને દેશમાં દાખલ ન થવા દે. તમારા વિસા માટે તમે જ જવાબદાર છો, ગફલત કરનાર કોઈ જવાબદાર નથી, પણ તમે જેટલા વધારે 'ગફલત'વાળા દરવાજામાંથી પસાર થશો તેટલો વધારો તમારી મુશકેલી અને ખર્ચમાં થશે.

એકવાર એવું બનેલું કે ભારતથી દુબઈ કામ કરવા જતા મજુરોના એક આખા જુથને દુબઈ એરપોર્ટ પર રોકવામાં આવેલા. એ બધાના 'વર્કિંગ વિસા'માં કાંઈક ગોટાળો હતો. દુબઈની સરકારે તેમને દેશમાં ન આવવા દીધા એટલું જ નહિ પણ તેમના વિસા ચેક કર્યા વીના તેમને લાવવા માટે ઈન્ડિયન એરલાઈનનો દંડ કર્યો. આ બધા ગરીબ મજૂરો અહીં કામ કરી પેસા કમાવા માટે આવેલા હોવાથી તેમની પાસે રીટર્ન ટિકિટ ન હતી તેમ ખરીદવાના પેસા પણ ન હતા. એટલે એરલાઈનને પોતાને ખર્ચે તેમને દિલ્હી પાછા લઈ જવા પડયા. પછી ભારત સરકારે પણ એરલાઈન તથા ટ્રાવેલ એજન્ટનો દંડ કર્યો.

મેલબર્નની 'ભારતીય કૌન્સલ જનરલની ઓફિસ'માં જ્યારે તે કામ કરતા હતા ત્યારે, મારા મિત્ર સાથે મારે એકવાર આ બાબતમાં ચર્ચા થયેલ. તેમણે કહેલ, 'પ્રવીણ, આપણી પ્રજા ઘણી ભણેલી અને હોંશિયાર ગણાય છે, તો પણ તમને જાણીને નવાઈ લાગશે કે દર મહિને બેચાર એવા કેસ આવે છે જેમાં માણસો આ 'મલ્ટિપલ એન્ટ્રી' ના વિસા ચેક કરતા નથી અને પછી છેલ્લી ઘડીએ દોડાદોડી કરી અમારી ઓફિસના કામમાં વધારો કરે છે. એક વખત તો એક મિત્રે શનિવારની રાતે દશવાગે મને ઘેર ફોન કર્યો. એમનું પ્લેન બે કલાક પછી ઊપડવાનું હતું. એમનો મલ્ટિપલ એન્ટ્રી વિસા એક મહિના પહેલાં એક્ષ્પાયર થઈ ગયો હતો. બોલો, આવા કેસમાં અમે કઈ રીતે મદદ કરી શકીએ ? એ તો એમ માનતા હતા કે વિસાનો સ્ટેમ્પ હું ખીસ્સામાં રાખતો હોઈશ અને તેમના કહેવાથી એરપોર્ટ જઈ તેમના પાસપોર્ટ પર સ્ટેમ્પ લગાવી દઈશ ! વાસ્તવમાં દરેક વિસાની મંજૂરી કેનબેરામાં ઈન્ડિયન હાઈ કમિશનર'ની ઓફિસમાંથી આવે છે. તેમની મંજૂરી વિના અમે એક પણ વિસા આપી શકીએ નહિ.'

બીજું અમારે 'શાકાહારી' ભોજન જોઈએ. ટ્રાવેલ એજન્ટે કહ્યું, 'અમેરિકાની એરલાઈનમાં સંતોષકારક શાકાહારી ભોજન મેળવવું મુશકેલ છે, તો પણ હું કોશિશ કરીશ'. 'શાકાહારી' ભોજન કોને કહેવાય એ તમે જાણો છો ? તેમાં શું આવી શકે અને શું ન આવી શકે તે તમે જાણો છો ? શાકાહારી ભોજન માગવાવાળા મુસાફરો તો ઘણા હશે તો પણ હજી તે માટે 'આઈએટીએ'એ બધાને સમજાય એવા સમજણવાળો નિયમ બનાવ્યો નથી. દરેક એરલાઈન પોતાની સમજણ અને સગવડ પ્રમાણે મુસાફરોને સંતોષ

However, if the travel agent makes the mistake and issues the ticket without visa, ultimately the traveller will have to suffer the consquences and pay the penalty.

Negligence about visa can cause great difficulties. The holders of Australian Passport do not now require visa for many countriers. But they do need visa for India. For the convenience of NRI who are frequently visiting India, the Indian Government issues five years and fifteen years multiple entry visa so as to avoid the hessle of obtaining visa for every visit. However, relaxing in the comfort zone of 'I have got long term visa' people are likely to overlook to check the expiry date and end up in chaos zone. Because the rule is that you must have visa to cover the full stay in a country.

To start with, if you do not have visa to cover the full stay in India, the travel agent must not issue the ticket. If out of negligence he issues the ticket, at the check-in counter airline will refuse to give the boarding pass. If out of negligence, a boarding pass is issued, the immigration authority must stop you from leaving the country to that destination. If out of negligence you pass through that, then definitely the Indian authority will not let you enter the country and you will have to return back to Australia at your expense. And if per chance you pass through that and enjoy your stay in India, then at the time of returning they may notice that you have overstayed your visa and in that case you may be arrested and put into jail. As you pass through more 'doors of negligence' you are adding more to your troubles and expenses. You and only you are responsible to obtain the required visa.

When we were in Dubai, it was reported in the newspaper that about 39 Indian workers had landed in Dubai by an Airline. On verification, the authority noticed that they did not have proper work permits (may be they were fakes) and so were refused the entry into Dubai. They all had come with one-way ticket and many did not even have money at all to buy a return ticket. The airline was penalized for bringing them without checking their work permits and forced to take them back to Delhi. The Indian Government in turn took action against the airline and also the travel agent.

I had once a discussion about this visa with a friend who was then working in a senior position in Indian Consul General's office in Melbourne. In his words, 'Pravin, our people who have come here are educated, smart and intelligent, but you will be surprised to know that every month two-four cases come in which people have tumbled over this multiple entry visa. They do not check the expiry date of visa and at the eleventh our start running around and add to already heavy workload of our office. Once a friend phoned me about 10.00 pm Saturday night from the airport. His plane was to depart within two hours. His multiple entry visa had expired a month ago and so although he had a valid ticket he was refused to check in by the airline. Tell me, how can I help in such a case ? He believed that I carried the visa stamp in my pocket and would come to the airport and stamp in his passport. In reality, every visa has to be sanctioned by the Indian High Commissioners office in Canberra, after proper verification and security check. We cannot issue any visa without their permission.'

We needed vegetarian meal and this must be registered with the airline otherwise you could go hungry on a long flight. Do you know what is a 'vegetarian meal' What is included and what is not included in a 'vegetarian meal' ?




આપવાનો પ્રયત્ન કરે છે. મેં છેલ્લા ચાર દાયકામાં ઘણી એરલાઈનમાં મુસાફરી કરી છે. (મેં સૌ પ્રથમ હવાઈ મુસાફરી મદ્રાસથી મુંબઈ 'કેરેવલ' નામના વિમાનમાં કરેલી. આ વિમાનની પાંખો એટલી બધી લાંબી હતી કે ફક્ત તે જોવા લોકો એરપોર્ટ પર જતા !) બધી એરલાઈનની સમજણ જુદી. એટલે તમને શું મળશે તેની તમારે કલ્પના જ કરવી રહી. એકવાર મને ફક્ત સેલાડ અને જ્યુસ મળ્યા. સાથેના કાગળમાં શું શું આપ્યું છે તેની વિગત હતી. નીચે નોંધ હતી, 'નો એનિમલ પ્રોડક્ટ – દૂધ, દહીં, માખણ કે ચીઝ આપવાના નહીં.'. એટલે બ્રેડ કે બિસ્કિટ પણ ન અપાય. જાપાન એરલાઈનમાં ટોકિયો જતો હતો ત્યારે મને જમણમાં માછલી આપવામાં આવી. પૂછ્યું તો સમજાવ્યું કે જાપાનમાં ફક્ત બીફ કે પોર્ક ખાનારને જ 'નોનવેજિટેરિયન' ગણવામાં આવે છે. દક્ષિણ ભારતમાં કેરાળામાં અને પૂર્વ ભારતમાં બંગાળમાં પણ મને એવા જ અનુભવો થયેલા. અહીં દરેક મકાનના પાછળના ભાગમાં પાણીનો કૂંડ હોય છે જેમાં એ લોકો માછલાં ઊછેરે. એટલે માછલીને એ લોકો એક જાતનું શાક જ ગણે. એર ઈન્ડિયામાં 'હિન્દુ મીલ' માગ્યું તો તેમણે મને 'ચીકન' આપ્યું. પંજાબી લોકો બીફ કે પોર્ક ન ખાય એટલે 'હિન્દુ મીલ'માં ચીકન ચાલે. ગયે વર્ષે મલયેસિયન એરલાઈનમાં મુસાફરી કરી. તેમની પાસે સાત જાતના 'સ્પેશિયલ મીલ' છે. દુબઈમાં ગુજરાતીઓમાં જૈનોની સંખ્યા મોટી છે. એટલે એ રૂટ પર હવે 'જૈન મીલ' પણ મળી શકે છે અને દુબઈના દરેક વેજિટેરિયન રેસ્ટોરન્ટમાં પણ 'જૈન મીલ' મળે છે. અહીં 'હાજી અલી' નામનું રેસ્ટોરન્ટ ગુજરાતીઓમાં બહુ પ્રિય છે. આ રેસ્ટોરન્ટ મુસ્લિમ ચલાવે છે પણ શુદ્ધ શાકાહારી છે. પણ મારો સૌથી ચોંકાવનારો અનુભવ તો ડુંગળી વિષેનો છે. તમે મને કહેશો, ડુંગળી શાકાહારી લોકો ખાઈ શકે ? મજાક નથી કરતો. જાણું છું કે જૈન લોકો ડુંગળી નથી ખાતા અને વૈષ્ણવ તથા સ્વામિનારાયણના મંદિરોમાં ડુંગળી નથી ખવાતી, જો કે એ પંથકના લોકો ફક્ત અમૂક ઉંમર પછી જ ડુંગળીનો ત્યાગ કરે છે. હું ધનબાદથી કોલકત્તા 'બ્લેક ડાઈમન્ડ એક્ષ્પ્રેસ'માં મુસાફરી કરી રહ્યો હતો. આ ટ્રેનમાં ડાઈનીંગ કાર હતી. હું ત્યાં જમવા ગયો અને 'વેજિટેરિયન મીલ' મગાવ્યું. મને ભોજન સાથે ડુંગળી ખાવાની આદત. એટલે થાળી આવ્યા પછી તેમાં ડુંગળી ન જોઈ એટલે મેં વેઈટરને બોલાવી ડુંગળી મગાવી. મારી સામેના ટેબલ પર એક બંગાળી જમતો હતો તેની થાળીમાં ડુંગળી હતી એટલે ડુંગળી ન હોવાનો સંભવ નહોતો. થોડીવારે વેઈટર ડુંગળી વગર જ પાછો આવ્યો અને મને કહે, 'મેનેજર કહે છે કે

There must be plenty of passengers asking for vegetarian meal on every airline flight. But IATA has not yet developed any common code for a vegetarian meal which would be understood by everyone. In past over forty years I have traveled on many airlines. (My first plane journey was on Caravel plane from Madras to Bombay. This plane's wing span was so long that people used to go to airport just to see it.) Every airline has a different understanding about a vegetarian meal so what you will get for a vegetarian meal is beyond imagination. Once I was given just salad and juice; the accompanying piece of paper listed what was in the salad – carrot, cucumber, capsicum, olive, lettuce, rocket leaf – with the note 'no dairy products' – no milk, bread, butter, cheese or biscuit. Flying on Japan airlines from Hong Kong to Tokyo, fish was included in my veg meal. When objected, it was explained 'only beef and pork are considered non-veg in Japan.' In Kerala and Bengal also you may get similar experience. There many houses have a pond in the backyard in which they raise fish. For them fish is just a 'kind of a vegetable.' Once the travel agent advised me to ask for a 'Hindu meal' so the dairy products may be included. But then on one sector Air India gave me chicken meal. Punjabis don't eat beef or pork – so they said – therefore chicken is alright for a Hindu meal. Once traveling on Malaysian airline I noticed that they had seven different types of 'special meals' There are many Gujaratis in Dubai and many of them are Jains. So on that route, not only you get a good vegetarian meal but you can get a 'Jain meal' also if asked for. In Dubai, a strictly muslim country, there are many 'pure vegetarian' restaurants and they all serve Jain meals as well. There is a 'Haji Ali' restaurant, three branches, which is popular with Gujaratis; it is owned and run by muslims but is 'pure vegetarian'.

But my most astonishing experience was on an evening train, Black Diamond Express, traveling from Dhanbad to Calcutta. Will you tell me weather 'onion' is vegetable or a non-veg item ? Of course Jains don't eat it and the Vaishnavs and Swaminarayan followers give it up after certain age. On this train there was a dining car at that time. I ordered a vegetarian meal. When the 'thali' came I note there was no onion. I usually like some onion with my

ડુંગળી ફક્ત નોન-વેજ મીલ સાથે જ આપવામાં આવે છે. તમને વેજિટેરિયન મીલમાં ડુંગળી ન અપાય.' એક વખત અલિટાલીઆ એરલાઈનમાં સિંગાપોરથી રોમ જતાં મને એમ લાગ્યું કે મને ભાવતું ભોજન મળ્યું છે. ચણા, ભાત, આલુમટરનું શાક, પુરી, પાપડ, અથાણું, વગેરે. હોંશે હોંશે પહેલો કોળિયો મોઢામાં મૂક્યો ત્યાં તો લાગ્યું કે મારા મોઢામાં આગ લાગી છે. પાણી હતું એટલું તરત જ પી ગયો અને હોસ્ટેસને બોલાવી મીલ પાછું આપ્યું. થોડીવાર પછી કેપ્ટન, ઈટાલિયન, એક પ્લેટ લઈને આવ્યો અને મારી માફી માગી કહેવા લાગ્યો, 'તમારી વાત સાચી છે. આટલું તીખું કોઈ ન ખાઈ શકે. હું પણ શાકાહારી છું અને મારે માટે આ 'વેજિટબલ એન્ડ સ્પઘેટી' બનાવેલ છે. જો તમને વાંધો ન હોય તો આ સ્વીકારો.' ખેર, અનેક એરલાઈનના અનુભવ, વધતી ઉમરને કારણે ઓછી થતી ભૂખ અને યોગ સાધના કરતી વખતે વારં વાર પ્રભુને કરેલી પ્રાર્થના, ' હે પ્રભુ, મને જે નથી ગમતું તે જો હું ન બદલી શકું તો મને તે સ્વીકારીને અપનાવી લેવાની, સહન કરવાની શક્તિ આપ,' પછી એ સમાધાન સાંધ્યું છે કે જે મળે તેનાથી સંતોષ માનવો. એક ટંક જમવાનું ન મળે મન ભલે ગમગીન થઈ જાય પણ શરીરના સ્વાસ્થ્યને લાભ થશે. નહિતર મહેન્દ્રભાઈના કાર્ટૂનમાં બતાવ્યું છે તેમ ઘેરથી થેપલાંશાકનું ટિફિન સાથે લઈ જાવ. ભાવતા ભોજન તો ઘર સિવાય કયાં મળવાના ? સંભવ છે આ મુસાફરીમાં કોઈ નવો અનુભવ મળશે.

જ્યારે ટ્રાવેલ એજન્ટે અમને કહ્યું કે અમારી વર્લ્ડ ટુરની ટિકિટમાં દરેકને બે સુટકેસ લઈ જવાની છૂટ છે ત્યારે અમારા માન્યામાં ન આવ્યું. પણ પછી એણે ટિકિટ બતાવીને સમજાવ્યું કે દરેક લાઈનમાં 'ટુ પીસ' એમ લખેલ છે તેનો અર્થ એ કે બે દાગીના, એટલે કે સુટકેસ અથવા બીજો કોઈપણ સામાન માથાદીઠ લઈ જવાય. પણ હા, એ દરેક દાગીનાનું વજન ત્રેવીસ કિલો અથવા પચાશ રતલથીજરા પણ વધારે ન હોવું જોઈએ. જો હશે તો તેનો 'એક્સેસ બેગેજ' ચાર્જ લાગશે. (અમેરિકામાં રતલનું વજનનું માપ છે. ઉપરાંત ત્યાંના યુનિયને એવું નક્કી કર્યું છે કે પચાશ રતલથી વધુ વજનની સૂટકેસ એક માણસથી ન ઉંચકી શકાય.) અમે અત્યાર સુધીની મુસાફરીમાં એક જ સુટકેસમાં બને તેટલું ઠાંસીને ભરવાને ટેવાયેલા. આમ તો વીસ જ કિલોની છૂટ, પણ એરલાઈનવાળા એક સુટકેસને અઠાવીસ કિલો સુધીના વજનની ચલાવી લે. હાથ પરના સામાનનું વજન જુદું. બેઅઢી દાયકા પહેલાં એરલાઈન હાથ પરના વજન માટે બહુ કડક ન હતી. એટલે ઘણા લોકો તો વીસપચીશ કિલો હાથલગેજ તરીકે લઈ જતા. તો પણ દિલ્હીથી પ્લેનમાં બેસતા 'એનઆરઆઈ'ને ચકાસીને હેરાન કરવામાં અને તેમની પાસેથી થોડા પૈસા ખંખેરી લેવામાં એરઈન્ડિયાના કાર્યકરો આનંદ માનતા. મુસાફરોના હાથલગેજ પણ જોખાવે અને એ રીતે પરદેશ જઈ 'મબલખ કમાણી કરી જલસા કરતા' ભારતીય જાતભાઈઓ પર થોડું વેર વાળ્યાનો આત્મસંતોષ માણતા.

આ રીતે અમારી બે સૂટકેસ તો તૈયાર હતી અને એમાં જરૂરિયાતની બધી વસ્તુઓ આવી ગઈ હતી. જો કે વર્લ્ડટૂરમાં ઘણા સ્થળોએ ચઢવાઊતરવાનું એટલે અમે સામાન બને તેટલો હળવો રાખવાનો પ્રયત્ન કરેલો. પણ જેમ 'લોભને થોભ ન હોય' તેમ હવે બીજી બે સૂટકેસ લઈ જવાઈ તેમ હતી એટલે અમે બે નવી સૂટકેસ ખરીદી લાવ્યા અને તેમાં પણ સામાન ભરવા માંડ્યાં. ટૂરના છેલ્લા તબક્કામાં અમે ભારત રોકાવાના હતા અને ત્યાં લઈ જવાની ઘણી વસ્તુઓ હતી એટલે બીજી બે સૂટકેસ ભરાતાં વાર ન લાગી. જો કે હવે સૂટકેસનું વજન ત્રેવીસ કિલોનું સિમિત રાખવાનું હતું. એટલે આગળની બે સૂટકેસમાંથી વધારાનો માલ કાઢીને આ નવીમાં મૂકવો પડ્યો. એમ માનો કે દરેક સૂટકેસને વજનના કાંટા પર રાખીને ભરવી પડી. કારણકે મોટી સૂટકેસમાં ફક્ત ત્રેવીસ કિલો ભર્યા પછી ઘણી જગ્યા રહેતી હતી અનાયાસે એમ થાય કે એકાદ બે વસ્તુ તેમાં મૂકી દેવી.

(ક્રમશઃ આવતા અંકે)

evening meal. So I asked the waiter to bring some onion. On the table near me a Bengali was eating a meal and there was onion in his thali, so there was no question of onion being not available. The waiter returned after a few minutes, without onion, and said, ' the manager says onion cannot be served with vegetarian meal.' Once flying on Alitalia from Singapore to Rome, I thought I was served a perfect vegetarian meal of my choice. Chhole, rice, puneer-mutter, puri, papad, achar, yogurt, salad, fruit, everything was there. Delighted I put first morsel in my mouth and felt that there was fire in my mouth. I drank the whole bottle of water. I called the hostess and returned the meal. A short time later, the captain, an Italian, came with a plate in his hand and politely said to me, 'Sir, you are right, such a spicy hot meal is not fit for human consumption. Please accept my apology. I am also a vegetarian and here I have an Italian vegetarian meal, spaghetti with veges, which was prepared for me. If you don't mind, please, accept it.' Well, after multiple experiences, having grown old, feeling less hunger, having meditated and said many times in prayer, 'O Lord Krishna, give me the strength to accept and tolerate what I cannot change' I have learned to accept and enjoy whatever meal is available. The other alternative is to carry a tiffin on plane as suggested in cartoon by Shri Mahendra Shah of USA. So when we told the travel agent that as usual we want vegetarian meals, he said smiling, 'I will try, but American airlines are notorious about meals.'. May be another travel-food experience was waiting for us.

When the travel agent told us that we are each allowed to carry two suitcases, we could not believe our ears. But he showed us in the ticket that '2 pc' is written on each line. That means each passenger is allowed to carry two check-in suitcases, but the restriction was that each suitcase must not weigh more than 50 pounds or 23 kilos (in America, british measures of pounds and miles are used). If heavier than 50 lbs. then excess baggage charge US$20.00 per suitcase will apply.

Until mow we were used to stuff up to 28-30 kgs in one suitcase and accordingly two suitcases were ready. In the last lap of the journey we were to spend some time in India and there were many things in the house that we could take to India. Now that we had the opportunity we prepared two more suit cases and filled them up. But of course, now we had to take out some items from the previous suitcases and rearrange everything. We virtually packed suitcases keeping them on the weighing scale to ensure none of it weighed more than 23 kgs. This was easier said than done. Because limiting the weight to 23 KG, left some empty space in each and there was temptation to put an extra item. This labour and accuracy really paid off. At the check-in counter at the airport, the clerk was pleased that all our suitcases weighed within limit, whereas the customer before us had just 2 extra kg and had to open the suitcase then and there and remove a few things to avoid paying excess baggage charge.

Over two decades ago, when airlines were not very strict about hand-luggage, many passengers used to carry as much as 20-25 kg worth of hand luggage. In Delhi and Bombay airports, sometimes I had noticed that the staff there would let go white people but they would insist on weighing the hand-luggage of an NRI and take pleasure in charging him/her for excess baggage, perhaps out of jealousy and saying in their mind, 'salaa, bahot paisa kamaya hai.'.

(To be continued)



## ઈસ્ટર સન્ડે - પ્રવીણ પટેલ *'શશી'* અમેરિકા

ઓફિસે જતાં વચ્ચે સેઈન્ટ પેટ્રિક ચર્ચ આવે. સમય હોય તો અંદર જાઉ પણ ખરો. પહેલાં જ્યારે ડાઉન ટાઉનમાં કામ કરતો ત્યારે વોલ સ્ટ્રીટનાં ટ્રિનિટીચર્ચમાં પણ જતો. નોર્થન બુલેવાર્ડની ઉપરની મસ્જિદમાં પણ એક વખતે જઈ ઈમામ શાહબુદ્દિનને મળ્યો હતો. દર રવિવારે મંદિરમાં તો હું અચૂક જાઉ છું જ. આસ્થા હોય તો પથ્થરમાં ભગવાન, બાકી ખુદ જ કાળો પથ્થર ! સ્થળ અને કાળને બાદ કરીએ તો પરમ પરમાત્માએ કલ્યાણ કાજે જ આ અવનિ ઉપર અવતાર ધારણ કરેલા છે. એની અલગતા આપણે સ્થાપિત કરી, અને આ જ અશાંતિનું મુખ્ય કારણ પણ છે.

શુક્રવાર, ઈસ્ટર ફ્રાઈડે, સેઈન્ટ પેટ્રિક ચર્ચમાં ગયો. અંદર પ્રકાશ કમ રખાયો હતો. વર્ષો પૂર્વે ઈશુને ક્રોસ ઉપર ચઢાવ્યો હતો ત્યારે એનાં ઉદ્દગાર હતા : 'હે પ્રભુ, હે મારા ભગવાન, તેં મારો ત્યાગ કેમ કર્યો ?' આ સમજવા એનાં છેલ્લા શબ્દો જાણવા જરૂરી છે, આ હતા : 'હે પરમ પિતા, તારા શરણમાં હું મારો પ્રાણ અર્પિત કરું છું.' અહીં જવાનો ગમ નથી, પરંતુ પરમાત્મા પ્રત્યેની અપાર શ્રધ્ધા છે. આગળ જે ઉદ્દગાર હતા, એમાં માનવીય ભાવોક્તિ છે. વેદનાનું કારણ પણ સ્પષ્ટ છે. મિત્રોએ ત્યાગ કર્યો, ખોટી રીતે કારાવાસમાં રખાયો, ગુના વગર જ દોષી ઠરાવાયો અને એના ઉપર અમાનુષી અત્યાચાર કરાયો. એકાકીપણાનું શરૂનું આક્રંદ અંતે પ્રાર્થનાના વિજયમાં પરિણમ્યું. પરમાત્મા તો દયાળુ છે, એ તો સર્વને ચાહે, ઈસુને પણ પ્રેમ કરે, એણે જ એની સદ્દગતિ કરી.

ઈસ્ટરના રવિવારે જ્યાં ઈશુ દફનાવાયા હતા એ કબર ખાલી કળાઈ. દેહ જ નહીં, આ શું એમની ચૈતન્યમય અવસ્થા હતી ? એમનું પુનરુત્થાન થયું, એવી ખ્રિસ્તીઓને દૃઢ આસ્થા છે. ચર્ચમાં આજે સફેદ પુષ્પોની સજાવટ કરવામાં આવે છે. પ્રકાશથી દેવળ પુનઃ ઝળાહળાં કરી દેવાય છે. અંતરને ઉજાગર કરી દેવું, એ આનો ગર્ભિત અર્થ પણ ખરો. આપણે પણ ઊંડા અંધારેથી પરમ પ્રકાશ અને અસત્યો વચ્ચેથી ચરમ સત્ય તરફ જવાની જ વાત કરીએ છીએ ને ?

પાપો અને મૃત્યુ ઉપરનો ક્રાઈસ્ટનો વિજય, તે આ ઈસ્ટરનો તહેવાર. આજ્ઞા, નીતિ, નિયમ, અને ઉપાસનાનું કદી પણ ઉલ્લંઘન થવું ના જોઈએ. સુરુચિભંગ પણ ના કરી શકાય. સ્વટીકા કે ખુદ ઉપર સખ્તી જરાય હિતકારી નથી. ખુદનું નકારાત્મક વલણ આપણાં આધ્યાત્મિક વિકાસને મંદ બનાવે છે. સંપૂર્ણ શરણાગતિ એટલે જ પ્રાર્થના. પ્રાર્થનામાં માફીની આરઝૂ છે. હું મને માફ કરું છું, હું એમને માફ કરું છું, પ્રભુ તું પણ અમ સર્વને ક્ષમા બક્ષ. પ્રાર્થના ત્યારે જ ફળે જ્યારે પરમાત્મામાં અત્યંત શ્રદ્ધા હોય. આ કાજે એની સાથે મિત્રતા કરવી પડે. નિષ્કામ, નિષ્કપટ, નિઃસ્વાર્થ અને નિઃસંદેહ થવાય, તો જ આ શક્ય બને. ભુલ થાય, પ્રાયશ્ચિત કરી લેવું. નબળા તો કદી પણ ના પડવું. યાદ રાખો, પરમાત્મા તો અંતરયામી છે. યથા સમયે એ મદદ કરતો જ હોય છે. સતત એનું રટણ થવું જોઈએ.

સમુહ પ્રાર્થના બાદ સર્વે એક બીજાને દેવળમાં ભેટે છે, હાથ મિલાવે છે, અને સામાને શાંતિ સાંપડે એ કાજે શુભેચ્છા પાઠવે છે. પોપ બેનિડિક્ટે આજે શાંતિ ઉપર ખાસ ભાર મુક્યો છે. એકબીજા સાથે મનમેળ અને ખુદની સાથે આત્મીયતા, આ બન્ને અમલમાં મૂકાય તો જ ઈસુને આપણે બરાબર સમજ્યા કહેવાય. છૂત-અછૂત, વૈમનસ્ય, અંધશ્રદ્ધા અને અસમાનતા હઠાવી, બંધુત્ત્વ અને સંઘત્ત્વનો સંકલ્પ આજે સર્વેએ કરવો જ જોઈએ. આમેન.

## Namesake

(અનુસંધાન પાના ૧૨ પરથી ચાલુ)

મીરાએ કહ્યું કે આ નવલકથા વાંચતાં જ તેની ફિલ્મ બનાવવાની ઈચ્છા થઈ આવી હતી., કારણ કે એ પણ કલકત્તામાં ઉછરી છે અને ગોગોલ જેવી લાગણી એણે પણ અનુભવી છે.

ગોગોલનું પાત્ર 'કાર્લ પેન'એ બખૂબી આત્મસાત્ કરી ભજવી બતાવ્યું છે. 'કમિંગ ઓફ એજ'ની એની મુસાફરી એકદમ રિયાલિસ્ટિક લાગે છે.

બાય ધ વે, કોણ છે આ કાર્લ પેન એક્ટર ? ન્યૂ યોર્કમાં જન્મેલો, ઉછરેલો, ગુજરાતી યુવાન કલ્પેશ સુરેન્દ્ર મોદી, સાચુકલો ગોગોલ !

આ ફિલ્મ જરૂર જોશો અને વર્ષાબેનના કહેવા પ્રમાણે ગમે તે થિયેટરમાં આ ફિલ્મ બતાવાતી હોય, ટિકિટની ચિંતા કર્યા વિના સીધા થિયેટર પર પહોંચી જશો.. અમે 'ગ્રાન્ડ હયાટ' સીનેમામાં જોવા ગયા ત્યારે ચારસો સીટવાળા થિયેટરમાં માંડ વીસ પ્રેક્ષકો હતા.

આ ઉપરાંત અમે 'પરસ્યુટ ઓફ હેપિનેસ', 'તારા રમ પમ' 'પ્રોવોક્ડ'(જરૂર જોશો) 'નમસ્તે લંડન' વગેરે ફિલ્મો પણ જોઈ હતી.

## ગિરનાર

(અનુસંધાન પાના ૪ પરથી ચાલુ)

મુસ્લિમ, સ્વામીનારાયણ, ખ્રિસ્તી, પારસી, યહુદી, શીખ, કાશ્મીરી, એમ અનેક પ્રકાર અને પંથકના લોકો યાત્રાએ આવે છે. ઉપર ચડવા માટે જે કાંઈ પગથિયા હતા તે પણ ઘસાવા લાગેલા અને વરસાદમાં કેડીઓમાં ધોવાણ થતાં ચડવા માટે જોખમી થવા લાગી. ગિરનાર પર વિ.સ.૧૬૮૩ (આશરે ઈ.સ.૧૬૨૭)ના કાર્તિક માસમાં કોતરેલ એક શીલાલેખ પ્રમાણે દીવના શેઠ શ્રી સંઘજી મેઘજીએ તે સમયે આ પગથિયાઓનું સમારકામ કરાવેલ.

ત્યાર પછી અઢીસો વર્ષ બાદ ફરી પગથિયાના સમારકામની જરૂરત ઊભી થઈ. આ વખતે ધાર્મિક, સામાજીક અને વ્યાપારી આગેવાનોએ ભેગા મળી એવો વિચાર કર્યો કે વધતા જતા યાત્રાળુઓનો વિચાર કરીને પગથિયાનું ફક્ત સમારકામ કરાવવાને બદલે નવા જ પગથિયા બાંધવા. એટલું જ નહીં પણ અંબાજીથી આગળ વધીને ઠેઠ ગુરૂ દતાત્રેયની ટોચ સુધી, અંદાઝે દશ હજાર, પગથિયા બાંધવા. ઈ.સ. ૧૮૮૯માં તે વખતના જૂનાગઢના નવાબ બહાદુરખાનજી ત્રીજા પાસે આ દરખાસ્ત મૂકવામાં આવી અને તેમણે સંમતિ આપી. ખર્ચનો અંદાઝ કાઢતાં રાજ્યની તિજોરીમાંથી પાંચ વર્ષની અંદર આવડી મોટી રકમની સગવડ થઈ શકે તેમ લાગ્યું નહિ. યાત્રાળુઓ પર કર લાદવાનું કોઈને મંજૂર ન હતું. એટલે બધાએ સાથે મળી, વિચાર કરી, સર્વાનુમતે 'ગિરનાર લોટરી' કાઢીને પૈસા ઊભા કરવાનું નક્કી કર્યું. ભારતમાં આ યોજના બિલકુલ નવી હતી. એક રૂપીઆની ટિકિટવાળી આ લોટરીને બૃહદ્ ભારતમાં ઘણો જ આવકાર મળ્યો અને દરેક પંથ અને ધર્મના લોકોએ લોટરી ખરીદી. (બૃહદ્ ભારતમાં તે સમયે અત્યારના અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગલા દેશ અને બર્માના પ્રદેશો આવી જતા)

લોટરીનું પહેલું ઈનામ રૂ. ૧૦,૦૦૦નું હતું અને સૌથી નાનું ઈનામ રૂ. ૫ નું હતું.(એ સમયે એક શિક્ષિકનો પગાર માસિક રૂ. પાંચ હતો) જાહેરાત એક પરિપત્રના રૂપમાં હતી અને અનોખા પ્રકારની હતી. જાહેરાત આ પ્રમાણે હતીઃ

"તમે જો આળસ કરશો તો આખી મુદત પૂરી થઈ જાશે. ટિકિટ લેવી હોય તો હવે વાર ન લગાડો, હમણાં લેવી અને પછીએ લેવી ! કર્યું એ કામ અને કરવાનું એ તો વાર. માંગલિક કાર્ય મુલતવી રાખવાથી ઘણીવાર માઠાં ફળો પ્રાપ્ત થાય છે. ગણો તો પરમાર્થ અને ગણો તો સ્વાર્થ. અહીં અમે આ વિષે તમને એકવાર ફરીથી યાદ આપીએ છીએ. આ લોટરીના ઈનામો થોડાં માસમાં વહેંચાશે. થોડી કિંમતમાં મહાભારત નફો મળે એવી કોઈ ચીઝ દુનિયામાં હોય તો તે આ લોટરી છે. આવો શુભ અવસર કાંઈ વારંવાર આવતો નથી. સમય ચૂકવા જેવી બીજી કોઈ હાની નથી. દરેક ટિકિટનો ફક્ત એક રૂપીઓ આપવાનો છે. બાર ટિકિટ લેનાર અથવા ખપાવનારને એક ટિકિટ મફત મળે છે. સો અથવા તેથી વધારે ટિકિટ ખપાવનારને ૧૫ ટકા કમિશન આપવામાં આવે છે. ટિકિટો ખપાવવા લીધા પછી કદી જો તમારાથી તેનો ઉપાડ નહીં થાય તો આ ઓફિસેથી આપ્યાની તારીખથી બે માસની અંદર પાછી રાખવામાં આવશે. માટે જો તમારાથી એ રસ્તે આ પરોપકારના કામમાં મદદ થઈ શકે તેમ હોય તો મન લગાવશો. દેશના સત્તધિકારીઓ, વકીલો, શેઠ-શાહુકારો અને બીજા પરગજુ ગૃહસ્થોને આ પરમાર્થના કામમાં યથાશક્તિ સહાય થવાને સવિનય નિમંત્રિત કરીએ છીએ. તમારામાં જો પરમાર્થ બુદ્ધિ સતેજ હોય તો અમે કહીશું કે આ કામ તમારું જ છે. જેમ કહેવત છે કે, 'મારે તેની તલવાર, ભણે તેની વિદ્યા અને પાળે તેનો ધર્મ' તેમ અમે કહીએ કે 'ભરે તેની લોટરી'. આ જાહેર ખબર જેમ બને તેમ વધારે માણસોને વંચાવશો અને ધાર્મિક કાર્યમાં સહાય થવાનો સુબોધ આપશો."

લગભગ ત્રણેક વર્ષના ટિકિટોના વેચાણ બાદ ઈ.સ.૧૮૯૨માં ઈનામો જાહેર થયાં. સમિતિમાં શેઠ-શાહુકારો, વકીલો, ડોક્ટરો, સામાજીક કાર્યકરો, અનેક ધર્મના પ્રતિનિધિઓ, સરકાર તરફથી નીમેલા માણસો મળી લગભગ પચીસ ઉપરાંત હતાં જેમણે ફાળો આપ્યો હતો પણ ટિકિટ નહોતી સ્વીકારી. ઈનામો સર્વ ધર્મના અનેક લોકોને ફાળે ગયેલા. પહેલું ઈનામ એક પારસી બાનુને મળેલું. લોટરીના વહેંચાણના પૈસા આવતા થયા એટલે પગથિયા બાંધવાનું કામ શરૂ કરી દેવાયું હતું. ઈનામોની વહેંચણી બાદ બે વર્ષે બાંધકામ પૂરું થઈ ગયું હતું.

## પુનર્લગ્ન

સરલાબેન વ્યાસ, અમેરિકા

સાંજે ઓફિસેથી આવીને આજની આવેલી ટપાલ ઉથલાવી રહી હતી. મારી નજર તેમાં આવેલી એક કંકોત્રી પર પડી. કુતુહલવશ તે ઉપાડી ખોલીને વાંચવા માંડી. વાંચતાં જ હું આશ્ચર્યમાં ડૂબી ગઈ. પ્રભાકર પંડયાના લગ્નની કંકોત્રી હતી એ. કોઈ ચંદ્રિકા જાની સાથે લગ્ન નક્કી થયાં હતાં. બે ઘડી તો વિચારમાં જ પડી ગઈ. કંકોત્રી પૂરી વાંચી. મોકલનાર હતાં તેમનો પુત્ર ઋગવેદ અને પુત્રવધુ ઋચા. પુત્રને પરણાવવા પિતા કંકોત્રી લખે તે તો સ્વાભાવિક છે પરંતુ આ તો પિતાને પરણાવવા પુત્ર અને પુત્રવધુએ આમંત્રણ આપતી કંકોત્રી મોકલી હતી. મન વિચારે ચડયું. આ અમેરિકામાં જે નહિ થાય તે ઓછું છે. પૂર્વ ને પશ્ચિમની સંસ્કૃતિનો સંગમ છે. આપણે માટે આ દેશ નવો, અનુભવો નવા. આ દેશના પાણી ને હવાની અસર જ એવી છે. આપણા દેશી લોકોની વિચારસરણીમાં પરિવર્તન આવી જાય છે.

સાંજનું ડીનર તૈયાર કરતાં પણ વિચારો તો પ્રભાકરભાઈના લગ્નના જ આવતાં હતાં. પ્રભાકરભાઈને ઈન્ડિયામાંથી આવે લગભગ સાતેક વર્ષ થયાં હશે. એમનાં બે સંતાનો એક દીકરો ને એક દીકરી અહીં જ સેટલ થઈ ગયાં હતાં. તેમનો પુત્ર ઋગવેદ અને પુત્રવધુ ઋચા બંને વ્યવસાયે ડોક્ટર હતાં. સુખી ને સમૃદ્ધ હતાં. તેમને એક નાનો બાબો પણ હતો. એમની દીકરી શાલિની અને તેનો પતિ સંદીપ બંને મોટેલના વ્યવસાયમાં વ્યસ્ત હતાં. પ્રભાકરભાઈ મુંબઈમાં બેંકમાં મેનેજર હતા અને પત્ની દશેક વર્ષ પહેલાં અવસાન પામી હતી. એકલવાયું જીવન જીવતાં હતાં તેથી દીકરા અને દીકરીએ અહીં અમેરિકા બોલાવી લીધા હતા. અવારનવાર થોડા દિવસો દીકરી શાલિનીની પણ મુલાકાત લઈ આવતા. પ્રભાકરભાઈ આમ તો માંડ પંચાવન વર્ષના હતા. સ્વભાવે હસમુખા, મોજીલા અને રંગીલા હતા.

પ્રભાકરભાઈના વિચારો ચાલુ હતા ત્યાં મારા પતિ અવિનાશ ઓફિસેથી ઘેર આવી ગયા. પ્રભાકર એમના ખાસ મિત્ર હતા. અવિનાશને આવતાં જ પ્રભાકરના લગ્નના સમાચાર આપી દીધા.

અવિનાશે કહ્યું, 'ખરેખર, આ તો ખુબ જ આનંદાશ્ચર્યની વાત છે. ચાલો સારા સમાચાર છે. બિચારો પ્રભાકર તેની પત્નીના મૃત્યુ પછી એકલવાયું જીવન જીવતો હતો. એના છોકરાં અહીં લહેર કરે છે. હવે એને કોઈ ચિંતાનું કારણ નહોતું. એણે લગ્નનો વિચાર કર્યો એ ખૂબ જ સારું છે." પછી અવિનાશે કંકોત્રી વિગતવાર વાંચી મનોમન એના દીકરાને અભિનંદન આપ્યા. રાત્રે જમી લીધા પછી અવિનાશે પ્રભાકરને ફોન કર્યો. સામેથી તેના પુત્ર ઋગ્વેદે જ ફોન ઉપાડયો, 'હલો, કોણ બોલે છે ?'

"હું અવિનાશ, તારા પપ્પા છે ? એમની સાથે મારે વાત કરવી છે. આજે તારા તરફથી એમના લગ્નની કંકોત્રી મળી છે."

ઋગ્વેદ બોલ્યો, "પપ્પા તો બાહર ગયા છે. એકાદ કલાક પછી આવશે. અંકલ, તમે જરૂરથી આ પ્રસંગે આવજો. પપ્પાને તમારી કંપની સારી રહેશે."

અવિનાશ, "અમે તો જરૂર આવીશું. તમે તારા પપ્પા માટે આ વિચાર કર્યો તે બહુ સારું કર્યું. હજુ તો એમની સામે અડધી જીંદગી પડી છે. એકલવાયું જીવન બોજારૂપ લાગે છે અને પાછલી ઉમરમાં આવા કોઈક સહારા અને હૂંફની જરૂર રહે છે. જુવાની તો સહેલાઈથી નીકળી જાય પણ ઘડપણમાં એકલતા બહુ આકરી લાગે છે."

ઋગ્વેદ, "હા, અંકલ, તમારી વાત સાચી છે. પપ્પા તો બહુ ના પાડતા હતા પણ મેં અને ઋચા તથા શાલિની અને સંદીપે ભેગાં મળીને તેમને સમજાવીને તૈયાર કર્યા છે."

અવિનાશ, "જે બહેન સાથે એમનું લગ્ન નક્કી કર્યું છે તે ક્યાં રહે છે ?"

ઋગ્વેદ, "અંકલ, વાત એમ છે કે એ બહેનને છેલ્લા ત્રણેક વર્ષથી મારા બાબાને સાંચવવા અમારે ત્યાં રાખ્યાં છે. સુરતનાં છે. જ્ઞાતિએ બ્રાહ્મણ છે. એ બહેન વિધવા છે. સંતાન કોઈ નથી. અહીં એમના ભાઈને ત્યાં રહેતાં હતાં. અમારા બાબા માટે અમે કોઈ બેબીસીટર શોધતાં જ હતાં અને અમને કોઈએ એમની માહિતી આપી. તેથી અમે એમને અમારે ઘેર લઈ આવ્યાં ને ત્યારથી અમારી સાથે જ રહે છે. સુરતમાં પ્રાયમરી સ્કૂલમાં શિક્ષક હતાં. બી.એ. પાસ છે. સ્વભાવે પણ ખૂબ પ્રેમાળ છે. અમારા કુટુંબ સાથે ખૂબ હળીમળી ગયાં છે. પાંત્રીસેક વર્ષની ઉમર છે. એમના આટલા વર્ષના સહવાસ પછી અમને પણ એમની સાથે આત્મીયતા બંધાઈ ગઈ છે. એક દિવસ ઋચાને પપ્પા સાથે એમનું લગ્ન ગોઠવાય તો કેવું એવો વિચાર આવ્યો ને મને કહ્યો. મને પણ એ વિચાર યોગ્ય લાગ્યો ને અમે શાલિની અને સંદીપને વાત કરી. એ લોકો પણ અમારા વિચાર સાથે સહમત થયાં. તેથી પહેલાં એ બહેનને અમારો વિચાર જણાવ્યો. એમણે શરૂમાં તો આનાકાની કરી પણ પછી એમણે મંજૂરી આપી. પછી તો અમે ચારે જણે સાથે મળીને પપ્પાને ખૂબ જ આગ્રહપૂર્વક આ વાત કરી અને તેમને પણ મનાવી લીધા. ત્યાર બાદ ચંદ્રિકાબહેનના ભાઈને પણ વાત કરી. તેમને પણ આ વિચાર યોગ્ય લાગ્યો. આમ બધાં જ અમારા વિચાર સાથે સહમત થયા એટલે અમે લગ્નનો દિવસ નક્કી કરી નાખ્યો. લગ્ન સવારે ઘરમાં જ સાદી વિધિથી કરશું. સાંજે રીસેપ્શન છે તે માટે તમને આમંત્રણ મોકલ્યું છે. તમે જરૂરથી આવજો. પપ્પાને તમારી કંપની સારી રહેશે."

અવિનાશ, "જરૂરથી આવીશું. તારા પપ્પાને મારી યાદ આપજે. બાય."

ટીવી પર ન્યૂઝ જોતાં અમે બેઠાં હતાં. એટલામાં ફોનની રીંગ વાગી. અવિનાશે ફોન ઉપાડયો, બીજે છેડે પ્રભાકર હતા. "હું પ્રભાકર, તારો ફોન આવ્યો ત્યારે હું બાહર ગયો હતો. હમણાં જ આવ્યો અને ઋગ્વેદે મને વાત કરી કે તારો ફોન હતો."

અવિનાશ, "સૌથી પહેલાં તો તને અભિનંદન આપી દઉં. ખૂબ સરસ સમાચાર આપ્યા. તારા દીકરાદીકરીએ તારે માટે ખૂબ સરસ નિર્ણય લીધો છે. છોકરાં અઢાર વર્ષથી ઉપરનાં થાય એટલે મિત્ર સમાન ગણવા જોઈએ. તારી બાબતમાં તારો પુત્ર તારો મિત્ર બન્યો છે."

પ્રભાકર, "સાચી વાત છે. છેલ્લા બેત્રણ મહિનાથી આ બધાં મારી પાછળ પડયાં હતાં. અંતે મારે એમની વાત માનવી પડી. તને ખબર છે મને ગયા વર્ષે હાથે ફ્રેક્ચર થયું હતું. તે વખતે મારે ચારપાંચ દિવસ હોસ્પિટલમાં રહેવું પડયું હતું અને ત્યાર બાદ ઘેર આવ્યા પછી પણ આરામની જરૂર હતી. ઋગ્વેદ અને ઋચા તો એમના વ્યવસાયમાં બહુ વ્યસ્ત રહેતાં હતાં. તેથી મારે માટે બહુ સમય ન ફાળવી શકે. પણ મારા પૌત્રની બેબીસીટર ચંદ્રિકાએ મારી ખૂબ કાળજી લીધી હતી. મને સહેજ પણ તકલીફ પડવા દીધી નહોતી. તે વખતે મેં અનુભવ્યું કે જો ચંદ્રિકા ન હોત તો મારી શી દશા થઈ હોત ? મનોમન હું એનો ખૂબ આભાર માનતો હતો. વિધવા થયેલી સ્ત્રી તો એની જિંદગી જીવી જાય છે પણ વિધુર પુરુષ ખરેખર પરાવલંબી ને પરાધીન બની જાય છે. એનો મને આ વખતે અનુભવ થયો હતો. એ પણ નિરાધાર હતી. નાની ઉમરમાં જ પતિનું સુખ ગુમાવ્યું હતું. પણ અહીં આવીને સુખી થઈ ગઈ છે. ઋગ્વેદ ને ઋચા પણ એને બહુ સારી રીતે રાખે છે. ઈશ્વરે મારે માટે પણ કોઈ આવો યોગ ઊભો કર્યો હશે, તે અમે આ રીતે અહીં મળ્યાં, ને છોકરાંઓએ વળી આ રીતે અમને ભેગાં કરવાનું નક્કી કર્યું. ગયા જન્મનાં કોઈ અન્નજળ આમ બાકી હશે તે આ જન્મે આ રીતે અમે ભેગાં થયાં અને લેણાદેણી પૂરી કરવા હવેનું જીવન સાથે વ્યતીત કરીશું. ઠીક ત્યારે, એ દિવસે આવી રહેજો, આવજો."

પ્રભાકરના લગ્નનો દિવસ પણ આવી ગયો. લગ્નની વિધિ તો સાદાઈથી ઘરમાં કરી લીધી હતી. સાંજે રિસેપ્શન હતું. ન્યૂયોર્કની એક હોટેલના હોલમાં રિસેપ્શન હતું. મર્યાદિત સ્નેહીજનો, મિત્રો ને ઋગવેદના ડોક્ટરમિત્રોની હાજરી હતી. અહીંની રીતરસમ પ્રમાણે 'ડ્રીંક, ડીનર ને ડાન્સ'નો પ્રોગ્રામ હતો. શેમ્પેઈનની બોટલો ખોલવામાં આવી. ભારતીય ને પાશ્ચાત્ય મ્યુઝિક વાતાવરણને પ્રફુલ્લિત કરી રહ્યું હતું. પછી કેક કાપવામાં આવી. ઉપસ્થિત લોકોએ અભિનંદન અને ભેટસોગાદો આપ્યાં. ઋગવેદ અને ઋચાએ યુરોપની બે એરટિકિટ ભેટમાં આપી અને શાલિની સંદીપે યુરોપની પેકેજ ટૂરની હોટેલની વ્યવસ્થા સાથેની બે ટિકિટ આપી.. બે દિવસ બાદ પ્રભાકર અને ચંદ્રિકા યુરોપની ટૂર પર ઊપડી ગયાં.

## વિધિની ગતિ નીરાળી

મુંબઈમાં જે. પી. ઈલેક્ટ્રોનિક્સ નામે શો રૂમની ચેઈન ધરાવતા અને બોરીવલી પશ્ચિમમાં રહેતા જયસુખ વાઘાણીને ઘરે પહેલી માર્ચે પૌત્ર જનમ્યો અને સુખદ આશ્ચર્ય સર્જાયું. જયસુખ પુરુષોત્તમ વાઘાણીનો જન્મ ૧ માર્ચ ૧૯૪૬, તેમના પુત્ર રાજીવ વાઘાણીનો જન્મ ૧ માર્ચ ૧૯૭૮, રાજીવની દીકરી રાજવી વાઘાણીનો જન્મ ૧ માર્ચ ૨૦૦૫ અને તાજેતરમાં રાજીવ અને ફોરમનો દીકરો ૧ માર્ચ ૨૦૦૭ના રોજ જનમ્યો. આમ એક જ કુટુંબમાં ત્રણ પેઢીની ચાર વ્યક્તિ જન્મ દિવસ એક સાથે ૧ માર્ચના રોજ ઉજવશે. જયસુખભાઈ કહે છે, 'મારી, મારા દીકરા રાજીવની અને મારી પૌત્રી રાજવીની જન્મતારીખ પહેલી માર્ચ હોવાથી અમે ત્રણેય એક જ દિવસે કેક કાપીને જન્મદિન ઉજવતાં હતાં અને અમને ખૂબ આનંદ આવતો હતો. હવે અમે ચાર સાથે મળીને જન્મદિન ઉજવશું. આ યોગાનુયોગ છે અને કદાચ એક પ્રકારનો રેકોર્ડ પણ હશે.' જયસુખભાઈ વિષે વિશેષ જાણવા જેવી બીજી એક વાત એ છે કે અત્યાર સુધીમાં તેમણે ઈન્કમટેક્ષ, સેલ્સટેક્ષ, પોલીસ અને એક્સાઈઝના મળી નવ અધિકારીઓને એન્ટિકરપ્શન બ્યુરોની સહાય વડે રુશવત લેતાં રંગે હાથ પકડાવીને જેલ ભેગા કર્યા છે. અને હવે એન્ટિકરપ્શનના એક અધિકારી તેમના ધ્યાનમાં છે.



## શેરુ

લતા હિરાણી, અમદાવાદ

શેરુના ઉધામા ભારે. અહીં લાયન્સ હોમમાં તેને લઈ આવ્યા તે જ દિવસે સાંજે તેણે મહેશને માર્યો. મેં સમજાવી શાંત કર્યો પણ તેના ચહેરા પર ખાસ કોઈ અફસોસ વરતાતો ન હતો. અફસોસ તો બાજુ પર રહ્યો, આંખમાં જરા જેટલો સંકોચ પણ જોવા ન મળ્યો. અમે જે કહ્યું તે સાંભળતો ચૂપચાપ ઊભો રહ્યો અને પછી પોતાની જગ્યાએ જતો રહ્યો. સવારમાં રઘુએ ફરિયાદ કરી કે રાત્રે શેરુ મને લાત મારતો હતો. મને ગાદલા પર સૂવા જ ન દીધો. એ પછી ત્રણેક દિવસે  બાથરૂમ પાસેથી થોડા બાળકો રડતાં રડતાં આવ્યાં.

‘શેરિયો અમને મારે છે.’

‘કેમ મારે છે ?’ ત્યારે ખબર પડી તે બીજા બાળકોને હુકમ કરતો હતો પોતાને નવડાવી દેવા માટે. જે ન માને તેને મારતો હતો. આમ રોજ તેને માટે કંઈ ને કંઈ ફરિયાદ રહેતી. ગૃહમાતા પણ અકળાયાં હતાં. બધાં બાળકો સૂઈ જાય ત્યારે શેરુ ટીવી ચાલુ કરવાની જીદ કરે. તેની માંગણી ન સંતોષાય એટલે ધમાલ કરે ને કોઈને સૂવા ન દે.

ઘણા દિવસો આમ ને આમ વીતી ગયાં. શેરુના તોફાન તો ચાલુ હતાં પણ હવે મારપીટની પ્રવૃત્તિ થોડી ઓછી થઈ હતી ખરી. ચાર-પાંચ તેના જેવા તોફાની બાળકોને બાદ કરતાં બીજા બધા તેની વિરુદ્ધ હતા.

એક દિવસ મેં તેને રડતો જોયો. મને ખૂબ નવાઈ લાગી. તેની બાજુમાં જઈ પૂછ્યું, ‘શેરુ, આજે તું રડે છે, શું થયું ?’

તે કંઈ બોલ્યો નહી પણ એણે એકદમ રડવાનું બંધ કરી દીધું.

‘તને કોઈ મારે એવું તો માની શકાય નહી.’ મેં કહ્યું. તે મારી સામે જોઈ રહ્યો. ‘શું થયું શેરુ ? કાંઈ તકલીફ છે ?’

‘મારે અહીં નથી રહેવું.’

‘કેમ ?’

‘મને અહીં નથી ગમતું.’

‘કેમ નથી ગમતું ?’

‘બસ, નથી ગમતું.’

‘ખાવાપીવાનું બરાબર મળે છે ?’

‘હા.’

‘બેન વઢે છે ?’

‘ના. વઢે તોય મારે શું ?’ બહુ બેફિકરાઈથી તેણે કહ્યું.

‘બીજાં બાળકો હેરાન કરે છે ?’

‘કરે તો ખરાં ! ધોઈ ન નાખું ?’

‘તો પછી શા માટે નથી ગમતું ?’

‘બસ, કહ્યું ને, નથી ગમતું.’

‘કયાં જઈશ ?’

‘રેલમાં.’

‘શું કરીશ ત્યાં જઈને ?’

‘ઝાડુ લગાવીશ.’

‘મને એમ કે તારે તારા ઘરે પાછા જવું હશે.’

‘. . . . . . .’

‘ઘરે પાછા નથી જવું ?’

‘ના’

ના કહેતાં તેના ચહેરાની રેખાઓ તંગ બની ગઈ. મને લાગ્યું કે મુક્ત રીતે જીવતા આઝાદ પંખીને અહીં બંધન લાગે છે. મેં તેને વહાલથી સમજાવવા કોશિશ કરી જોઈ.

‘શેરુ, તું જિંદગીભર ટ્રેનમાં ઝાડુ લગાવીશ ?’

‘ના, ચાની લારી પર નોકરી મળશે એટલે એ કરીશ.’

‘પછી આગળ ? ચાની લારીની નોકરીમાં શું વળે ?’

‘પૈસા ભેગા કરી મારી પોતાની લારી કરીશ.’

‘પણ પછી ?’

‘પછી શું ? કંઈ નહી.’

‘બસ, તારે ચાની લારીવાળા જ થવું છે ?’

‘. . . . .’

‘જો, અહીં તને ભણાવશું, ગણાવશું. . .’

‘મારે નથી ભણવું.’

‘ભણીને સારી નોકરી મળે, સારા પૈસા મળે.’

‘કંઈ નોકરી-બોકરી નથી મળતી.’

મને લાગ્યું કે શિક્ષિત બેકારો વિષે તે આટલી નાની ઉંમરે ઘણું જાણે છે.

મેં કહ્યું, ‘શેરુ, સાવ એવું નથી. મહેનત કરીએ તો બધું મળે. ઉપરાંત તું અહીં રહીને ભણીશ તો સારો માણસ બનીશ.’

‘કોઈ સારા માણસ હોતા જ નથી.’

હું ચોંકી ઉઠી. ઠોકરો ખાઈ ખાઈને નકારાત્મક વલણ ધરાવતા આ બાળકને સીધી રાહ પર લાવવો ખરેખર મુશ્કેલ કામ હતું. મેં સીધો પ્રશ્ન પૂછ્યો, ‘હું તને કેવી લાગું છું ?’

તે જરાક અચકાયો, પછી બોલ્યો, ‘તમે તો સારાં છો.’

‘સાચું કહેજે હો ! મને ખરાબ નહિ લાગે.’

‘ના આન્ટી, સાચું કહું છું. તમે તો બહુ સારાં છો.’

‘તો પછી એમ કેમ કહેવાય કે દુનિયામાં કોઈ સારા માણસો હોતા જ નથી ? માત્ર હું જ નહિ, મારા જેવા કેટલાય લોકો સારા હોય, તું એમને ઓળખતો નથી એટલું જ.’

હવે તેની પાસે કંઈ દલીલ નહોતી. મને થયું કે આજે આટલી વાત બસ છે. જરા બાજુમાં ખેંચી તેના વાંસા પર હાથ મૂકી હું મમતાથી બોલી, ‘જો બેટા, તારે જવું જ હશે તો હું વ્યવસ્થા કરી દઈશ. પણ તું થોડીક ધીરજ રાખ. થોડો સમય હજુ અહીં રહે અને પછીયે તારો આ જ વિચાર હોય તો જવા દેશું, બસ ?’

તેને કંઈક સધિયારો મળ્યો હોય એવું લાગ્યું મેં તેને થોડોક વધુ બાંધ્યો, ‘આવતીકાલે હું આવીશ ત્યારે તારી સાથે નિરાંતે બેસીશ. તું મને તારી બધી વાત કરીશ ?’

તેણે માત્ર હકારમાં ડોકું ધુણાવ્યું.

બીજે દિવસે હું પહોંચી ત્યારે તે મારી રાહ જોઈને જ બેઠો હોય તેમ લાગ્યું. ગૃહમાતાને અને બીજાં બાળકોને મળી ત્યાં સુધી પૂરી ઉત્સુકતાથી તે મારી તરફ જોતો રહ્યો. અમે બેઠાં ને તેણે વાત શરૂ કરી, જેનો સાર કાંઈક આ પ્રમાણે હતોઃ

શેરુ રાજસ્થાનના એક ગામડાનો વતની. આખા ગામની વસતિ ખૂબ જ ગરીબ. માબાપ ખેતરમાં મજૂરી કરે ને પેટિયું રળે. શેરુ આખો દિવસ ભાઈબંધોની સાથે રઝળપાટ કરે. બાપે તેને ગામની શાળામાં દાખલ કરેલો પણ તે કંઈ ભણતો નહી. ભાગી જતો. હવે શેરુ ભણશે તો નહિ એમ માનીને તેને કામે ચડાવવા પ્રયત્ન કર્યો, પણ તે નિરર્થક ! જો કે ઉંમર હજુ બાર વર્ષની જ હતી. પણ એ ઉંમરેય ગામનાં બીજાં છોકરાંઓ માબાપને ખેતીવાડીમાં મદદ કરતાં. શેરુના ભાઈબંધ રતન અને ભેરુ. શેરુ, ભેરુ અને રતન ત્રણેયની ટોળકી મોટે ભાગે જે સપાટે ચઢે તેને રંજાડવાનું કામ કરે. ગામ આખામાં આ ટોળકી કુખ્યાત થઈ ગયેલી. એમાં વાદે વાદે બીડી પીતાં શીખ્યાં. બીડી ખરીદવાના પૈસા ક્યાંથી મળે ? એકવાર ચોરીની યોજના બનાવી. પાસેના ઘરમાં રહેતા ભગતકાકા રાત્રે ફળિયામાં ખાટલો ઢાળીને સૂએ. ઘરમાં કોઈ હોય નહિ. મોકો મળતાં રાત્રે વંડી ઠેકી તેમના ઘરમાં ઘૂસ્યાં. વધુ તો કાંઈ મળ્યું નહિ પણ દોઢસો રૂપીઆ જેટલી રકમ હાથમાં આવી. પોલીસ ફરિયાદ થઈ અને આ ટોળકી પકડાઈ ગઈ. ગામે હાશ અનુભવી ને બાપે કપાળ કૂટ્યું !

બાળકો માટેના રિમાન્ડ હોમમાં ત્રણેયને રાખવામાં આવ્યા. મહિનો માંડ રહ્યા હશે ત્યાં ભાગવાની યોજના બનાવી ને અમલમાં ય મૂકી. પણ પૂરા સફળ ન થયા. ભેરુ અને રતન પકડાઈ ગયા પણ શેરુ છટકી ગયો. પછી તો પોલીસની નજરથી બચવા તેણે રઝળપાટ આદર્યો. ટ્રેનમાં ઝાડુ કાઢતાં કાઢતાં અને મફત મુસાફરી કરતાં કરતાં લગભગ અડધો દેશ ફરી લીધો. છેલ્લે અમદાવાદ મુકામ કર્યો. કામ તો એ જ. ટ્રેનમાં ઝાડુ મારવું અને એમ કરતાં જે કંઈ મળે તેનાથી પેટ ભરવું. એવામાં એક દિવસ અહીં લાયન્સ હોમમાં પહોંચી ગયો.

મેં તેને સમજાવવા ઘણી કોશિશ કરી કે અહીં રહીને તારું ભવિષ્ય સુધાર. જો તારે ઘેર જવું હોત તો વાત જુદી હતી. પણ આમ ફરી રઝળપાટની જિંદગી જીવવા ને મજૂરી કરવા કરતાં તો અહીં રહેવું વધુ સારું. ધીમે ધીમે અહીં ગમી જશે. પણ એ મુક્ત ગગનના વિહારીને મારી વાતની કેટલી અસર થઈ તે સમજાયું નહી. તેના તોફાનો ઓછા થયાં પણ કંઈક ને કંઈક કનડગત તો ચાલુ રહી. હા, મારા આવતાં જ ડાહ્યોડમરો થઈ બેસી જતો.

# Namesake

## A film by Mira Nayar

તા. ૨૩ માર્ચ ૨૦૦૭, શુક્રવારના રોજ અમે રાજકોટથી અમદાવાદ થઈ દુબઈ પહોંચ્યા. બે વર્ષ પહેલાં જયેન અહીં કુટુંબ સહિત સ્થાયી થયો ત્યાર પછીની અમારી આ ત્રીજી મુલાકાત. એટલે દુબઈમાં જોવા જેવું બધું જોઈ લેવાયું હતું. હવે તો ફક્ત પૌત્ર રુષિલ અને પૌત્રી જયનિકા સાથે રમવાફરવામાં અને તેમના અભ્યાસની પ્રગતિ જોવામાં જ સમય ગાળવાનો હતો. 'દરરોજ સવારે વહેલા ઊઠી ચાલવા જવાનો નિત્યક્રમ. બપોરે બાળકોને સ્કૂલમાંથી લાવવાના, તેમને જમાડવાના, પછી અમે જમીએ. જયનિકાને ચેસની રમતનો શોખ એટલે તેની સાથે ચેસ પણ રમવાની. અહીંના દૈનિકપત્ર 'અમિરાત ટુડે'માં દરરોજ 'સુડોકુ'ની ત્રણ ગેઈમ આવે. આ ગેઈમ ભરવાનું અમે જયનિકા પાસેથી શીખ્યા. દરરોજ બપોરે જમ્યા પછી આરામ કરતાં હોઈએ ત્યારે સાથે મળીને 'સુડોકુ' ભરીએ..

એક બીજો શોખ પણ અમે અહીં કેળવ્યો. અહીં દરેક શોપીગ સેન્ટરમાં દશથી બાર સીનેમાગૃહો છે. મોટે ભાગે અંગ્રેજી ફિલ્મો હોય. પણ દરેક મોલમાં એક હિન્દી અને એક અરેબિક ફિલ્મ પણ હોય. પેપરમાં આ બધી વિગત આવે. અને જે ફિલ્મ હિન્દી કે અરેબિક ભાષામાં હોય તેના નામની બાજુમાં તે દર્શાવવામાં આવે. અમે દર અઠવાડિયે એક હિન્દી ફિલ્મ જોવા જઈએ. ફક્ત બે કલાકની ફિલ્મ અને અંગ્રેજી નામ 'નેમસેઈક'ની બાજુમાં 'હિન્દી' શબ્દ વાંચીને પહેલાં તો લાગ્યું કે છાપનારાની ભૂલ હોવી જોઈએ. પણ તપાસ કરતાં જાણવા મળ્યું કે આ મીરા નાયરની એક ક્લાસિક ફિલ્મ છે. એટલે અમે 'વાફી શોપીગ સેન્ટર' પાસે આવેલા 'ગ્રાન્ડ હાયાત'માં તે જોવા ગયા. આમ જુઓ તો ભાષા હિન્દી, બંગાળી અને અંગ્રેજીનું મિશ્રણ કહેવાય.

શરૂના ભાગમાં સાધારણ લાગતી આ ફિલ્મ જેમ જેમ આગળ વધતી ગઈ તેમ અમને તેમાં વધુ સમૃદ્ધિ મેળવવા ભારત છોડી પરદેશ જઈ વસતા ભારતીયોના વ્યથા, મંથન, ગુંચવણ, મુંઝવણ, અને બે સંસ્કૃતિઓ વચ્ચેના ખેંચતાણમાં બાળકોને ઉછેરાવામાં થતાં ઘર્ષણનો આબેહુબ ચિતાર દેખાવા લાગ્યો. ત્યારે જ 'માતૃભાષા'ના વાચકો સમક્ષ આ ફિલ્મનો પરિચય રજુ કરવાનું મનમાં નક્કી કરેલું.

આ વિષેની ગડમથલ મનમાં ચાલતી હતી ત્યાં 'નવનીત સમર્પણ'માં વર્ષા અડાલજાએ લખેલી 'નેમસેક'ની મીમાંસા વાચી, એટલે તે જ અહીં શબ્દસઃ રજુ કરું છું.

"દુનિયાના અનેક લોકોની જેમ અશોક ગાંગુલી(ઈરફાન ખાન) અને આશિમા(તબુ) લેન્ડ ઓફ ઓપર્ચ્યુનિટીઝ એવા અમેરિકા દેશમાં જાય છે. અજાણી ભોમકામાં અતડાપણું, એકલતા અને પ્રતિકૂળ હવામાનમાં ધીમે ધીમે ત્યાંના બંગાળીઓ સાથે ભળી જઈ પારકા દેશ સાથે 'સેન્સ ઓફ બિલોંગિંગ'ની ભાવના કેળવતાં મનમાં સતત વતનઝુરાપો રહે છે.

આશિમાને બાળક થાય છે. પ્રોફેસર પતિને સાહિત્યકાર નિકોલાઈ ગોગોલની કૃતિઓ ખૂબ ગમે છે અને લાડમાં દીકરાને બોલાવે છે, ગોગોલ. નામ તો નિખિલ પાડયું છે પણ લાડકું નામ ગોગોલ રહી જાય છે.

તે મોટો થાય છે, સ્કૂલ-કોલેજમાં વિચિત્ર નામની મશ્કરી થાય છે. ગોગોલને સતત પ્રશ્નો છે પોતાની આઈડેન્ટિટીના. માતાપિતા પાસે એના રૂટ્સ છે, વતનની સ્મૃતિઓ છે અને ઝુરાપો પણ. ગોગોલ પાસે તો કશું જ નથી. એ કોણ છે ? શું છે ? 'વ્હેર ડઝ હી બિલોન્ગ ?' હજારો માબાપો અને તેમના બાળકોની આ વાત છે. આ સદીની સફરની આ કથા છે., જેમાં શૈશવ, કિશોરાવસ્થામાંથી પસાર થતાં થતાં આજની યુવા પેઢી ઝંખે છે કે એમના પ્રશ્નનો ઉત્તર એમને મળે કે આખરે એ કોણ છે ? અમેરિકન ગર્લફ્રેન્ડના ફેમિલી સાથે વેકેશન પર બર્થડે મનાવવા ચાલી જતો ગોગોલ માને ફોન કરવાની પણ તસ્દી લેતો નથી.

અશોકનું - પિતાનું મૃત્યુ થતાં ગોગોલ દોડી આવે છે. ખાલી ઘર, માનો ઉજ્જડ ચહેરો જોતાં એ પહેલીવાર કશુંક ખોવાયાનો અનુભવ કરે છે. એના પિતાનો - એમના પિતાના મૃત્યુ પર ઉતરાવેલા વાળ વિનાનો ચહેરો સતત ક્લેશ થાય છે. એ પણ વાળ ઉતરાવે છે, ધોતિયું પહેરી તર્પણ કરે છે. અમેરિકન ગર્લફ્રેન્ડ એને છોડીને ચાલી જાય છે.

પિતાનો સામાન ફંફોસતાં પિતાએ નાનપણમાં તેને એક જન્મદિને આપેલું 'ટેઈલ્સ ઓફ નિકોલાઈ ગોગોલ'નું પુસ્તક હાથ લાગે છે, જેમાં પિતાએ સુંદર અર્પણ લખ્યું છે.

ધીમે ધીમે ગોગોલને સમજાવા લાગે છે એ કોણ છે ? 'વ્હેર ડઝ હી બિલોન્ગ ?" ગોગોલ નામ પોતીકું લાગવા માંડે છે. માની ભલામણથી અમેરિકામાં પી.એચ.ડી. કરતી બંગાળી યુવતિને પરણે છે, પણ તેય એના પ્રેમીને માટે એને છોડીને ચાલી જાય છે.

દીકરીએ અમેરિકન સાથે લગ્ન કરી લીધા છે. આશિમા જાહેર કરે છે, એ હવે કલકત્તા પાછી જશે. છ મહિના ત્યાં, છ મહિના અહીં બાળકો સાથે રહેશે. હવે સંતાનોની જિંદગી પોતાની છે.

કેટકેટલાં માતાપિતાઓને આપણી આસપાસ જોઈએ છીએ, જે તન ને મનથી બે દેશો વચ્ચે વહેંચાઈને જીવે છે. અને આશિમા વળતી મુસાફરી શરૂ કરે છે, વતન તરફ, છૂટી ગયેલા જીવન તરફ, એકલતાનો અભિષાપ લઈને.

'મકબૂલ' પછી તબુ અને ઈરફાનની જોડી ફરી સાથે આવી છે. અને બન્ને અદ્દ લ અશોક-આશિમા ગાંગુલીના પાત્રને નખશિખ જીવ્યાં છે.

આશિમા વાળ ઓળી રહી છે. રાતનો સમય છે અને ફોન પર હોસ્પિટલમાંથી ખબર મળે છે કે તેનો પતિ મૃત્યુ પામ્યો છે, કોઈ ઓળખ કરવા આવશે ?

અને સ્તબ્ધ થઈ ગયેલી આશિમા વિશાળ ઘરમાં ફરે છે અને કમ્પાઉન્ડની લોનમાં રાતની નિરવતા ચીરતું આક્રન્દ કરી ઊઠે છે. એની પીડા, બધું ગુમાવ્યાની ભીતિ, એકલતા, આપણને સોંસરવા ઊતરી જાય છે. લોંગ શોટમાં પ્રકાશિત વિશાળ ઘર અને આછા અંધારાવાળી લોન પર આશિમાનો કરુણ વિલાપ તરત જ આપણને સ્પર્શે છે. કોણે જિંદગીમાં કંઈ ખોયું નથી ? ઈન્ડિયન ડાયસપોરા પર આ પહેલાં બની ગયેલી ફિલ્મોથી જુદી તરી આવતી 'નેમસેઈક' એક અર્થપૂર્ણ અને સંવેદનશીલ ફિલ્મ બની છે. કેટકેટલા લોકોને એ સ્પર્શી શકી છે. 'બાર્ન્સ એન્ડ નોબલ' ન્યૂ યોર્કના ફેમસ બુકસ્ટોરમાં મીરા નાયર અને જુમ્પા લાહિરી ફિલ્મનાં પ્રમોશન માટે ગયાં હતાં ત્યારે હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. જગ્યા વિના ઘણા તો બે કલાક ઊભા રહ્યા હતા.

(અનુસંધાન પાના ૯ પર)

**मेघदूतम्** **(संपादकः डो.गौतम पटेल)**

हित्वा हालामभिमतरसां रेवतीलोचनान्कां
बन्धुप्रीत्या समरविमुखो लान्गली याः सिषेवे ।
कृत्वा तासामभिगममपां सौम्य सारस्वतीना
मन्तः शधद्धस्त्वमपि भविता वर्णमात्रेण कृषणः ॥५१॥
तस्माद् गच्छेरनुकनखलं शैलराजावतीर्णा
जन्होः कन्यां सगरतनयस्वर्गसोपानापन्क्तिम् ।
गीरीवक्त्रभ्रुकुटिरचनां या विहस्येव फेनैः
शंभोःकेशग्रहणमकरोदिन्दुलग्नोर्मिहस्ता ॥५२॥

**મેઘદૂત** **(સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)**

ત્યાગી જ્યારે મનહર સુરા રેવતીનેત્રછાઈ
બંધુપ્રેમે રણવિમુખ જે લાંગલીએ જ સેવ્યાં,
સેવી તેવાં સરસ જળને સૌમ્ય ! સરસ્વતીનાં,
જુંયે થાશે વિમલ મનથી, વાનમાં માત્ર કાળો. (૫૧)

ત્યાંથી જાજે કનખલ વિશે, શૈલરાજે વહંતી
આવી ગંગા, સગરસુતની સ્વર્ગસીડીસમી, જ્યાં'
ફીણ દ્વારા ભ્રમરરચના પર્વતીની હસી જે
ચંદ્રે સ્પર્શ્યાં, શિવશિરજટા ઝાલતી, ઊર્મિહસ્તે. (૫૨)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

**Meghaduta of Kalidas (Editor: Dr.Gautam Patel)**

O gentle cloud, having tasted the waters of Saraswati you will be purified inwardly without a change in your dark colour. The waters were tasted by Balaram, who out of love for his kinsmenabstained from war, giving up liquor whose flavour was so pleasing to him and which reflected Ravati's eyes. (51)

Afterwards procede to Jahru's daughter Ganga, descending from the Himalayas near Kanakhala which served as a ladder to heaven for Sagar's sons, who ironically, smiling at the knitted eye-brows of Parvti seizes the matted hair of Lord Shiv with her hands like waves reaching out to the moon. (52) April 07

To be continued: Two verses will be published in every issue.)